# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ૨. સંસારનું સ્વરૂપ અને હેતુ | તંત્રી | ૪ |
| ૩. શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| ૪. મા પરિવારના શ્રી રમેશચંદ્ર ભક્તની વિશેષતાને વંદન | મા સર્વેશ્વરી | ૧૧ |
| ૫. પૂ. ગુરુદેવને સ્મરણાંજલિ | તંત્રી | ૧૬ |
| ૬. સ્વર્ગારોહણમાં–ઉત્સવ ગુરુપૂર્ણિમાનો | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૯ |
| ૭. વહેંચીને જીવવું–એ જ ઉત્તમ જીવવું છે. | સુધામૂર્તિ | ૨૨ |
| ૮. સૂર્ય ઉપાસનાનો મહિમા | વિનોબા | ૨૮ |
| ૯. પૂ.માની વિદેશ યાત્રા | મા સર્વેશ્વરી | ૩૪ |
| ૧૦. પ્રાર્થના શા માટે કરવી જોઇએ? | જ્યોતિબેન થાનકી | ૩૮ |
| ૧૧. ભગવાન પર ગુસ્સો | ડૉ. આઇ. કે. વિજળીવાળા | ૪૪ |
| ૧૨. પ્રેરક પ્રસંગો–પૂ.રણછોડદાસજી મહારાજના | સંકલન : પરમાર્થી, મૂ.લે. દમયંતી સેજપાલ | ૫૧ |
| ૧૩. શ્રદ્ધાંજલિ–કાલી મંદિરના સ્વજન વડિલને અર્પનાર–મા સર્વેશ્વરી–સમગ્ર કાલિ પરિવાર વતી | | ૫૬ |
| ૧૪. મંત્રશક્તિની વૈજ્ઞાનિક કસોટી | આચાર્ય કલ્યાણ બોધિસૂરિ | ૫૮ |
| ૧૫. શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી અમૂલ્ય સહાય

—મા સર્વેશ્વરી

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા—ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઇ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ　　શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઇ લાડ　　શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# સંસારનું સ્વરૂપ અને હેતુ

યોગેશ્વરજી

સંસારનું સ્વરૂપ કેવું છે? તેની માતા પ્રકૃતિના જેવું. પ્રકૃતિ જેમ ચંચળ છે, એકસરખી અવસ્થામાં કાયમને માટે નથી રહેતી, તેમ તે પણ ચંચળ કે પરિવર્તનશીલ છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છે. 'સત્ત્વ, રજ ને તમ'નું સંમિશ્રણ છે. સત્ત્વગુણનો મુખ્ય ધર્મ જ્ઞાન અથવા પ્રકાશ છે. રજોગુણનો ક્રિયા ને તમોગુણનો સ્થિતિ અથવા જડતા. પ્રકૃતિ એ ત્રણે ગુણની સામ્યાવસ્થા છે. એટલે પ્રકાશ ક્રિયા ને સ્થિતિ અથવા જડતાને પ્રકૃતિનો સ્વભાવ કહી શકાય, સંસારનો સ્વભાવ પણ એવો જ છે. સંસારમાં હર્ષ છે, શોક છે, જ્ઞાન છે, અજ્ઞાન છે, ઉત્થાન, પતન, ક્રિયાશીલતા ને જડતા બધું જ છે. સારાં—નરસાં અનેક પદાર્થો, ગુણો ને ભાવોનો તે શંભુમેળો છે. નિત્યનિરંતર ચાલું રહેનારો એ એક અજાયબી કે વિવિધતાથી ભરેલો મહામેળો છે. એમ જ સમજી લો. એવા ભાવને જાગ્રત રાખીને સંસારમાં શ્વાસ લો તો ખરેખર આનંદ આવશે ને તટસ્થતા તથા અનાસક્તિ કેળવાશે. એ મેળાના જુદા જુદા પદાર્થોને જોઇને પરમાત્માના પરમ પ્રકાશનો વિચાર કરો. એમની અંદર રહેલા ને આરપાર નીકળતા પરમાત્માના પ્રકાશનો વધારે ને વધારે અનુભવ કરો તો જીવન શાંતિમય બની જશે ને આનંદનો અલૌકિક અખૂટ ભંડાર હાથ લાગશે. જીવવાની સાચી કલા પછી જ સમજી શકાશે.

પંચ મહાભૂત, પંચ તન્માત્રા, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ ને અહંકાર પ્રકૃતિના કાર્યરૂપ છે. તે તેનું પ્રકટ સ્વરૂપ કહેવાય છે. તેમાંથી ઉત્પન્ન થયેલા શરીર ને સંસારમાં પણ એમનો મહિમા જોઇ શકાય છે.

ત્યારે પ્રકૃતિ ને તેમાંથી પેદા થયેલા ને એને આધારે ટકી રહેલા આ અજાયબઘર જેવા સંસારનો ઉદ્દેશ શો છે? એ પ્રશ્ન સહેજે ઊભો થાય છે કે પછી એનો કોઇ ઉદ્દેશ જ નથી? ઉદ્દેશ ના હોય તેવું તો બને જ નહીં. કેમ કે એક નાનું સરખું સાધારણ કામ પણ કોઇ હેતુ વિના નથી થતું. તો આવી મહાન વસ્તુ ને એવી રચનાનો કોઇ ઉદ્દેશ ન હોય તે બને જ કેવી રીતે? કોઇ કહે છે કે ખાવું, પીવું, ભોગવવું ને આનંદ કરવો એ જ જીવનનો ઉદ્દેશ છે ને સંસાર પણ એટલા માટે જ છે. પણ મને નથી લાગતું કે એ વિચાર આજના શિક્ષિત ને સુસંસ્કૃત થતા જતા પ્રગતિવાદી જમાનામાં સર્વસ્વીકાર્ય કે શોભાસ્પદ હોય. જીવનનો ઉદ્દેશ એટલો જ ના હોઇ શકે. તો તો પછી માનવમાં ને પશુમાં ફેર શો? માનવની બુદ્ધિ કે ચિંતનશક્તિનો ઉપયોગ શો? માણસને તન, મન ને અંતર ત્રણે છે ને તે ત્રણેની સમસ્યાઓ સતાવી રહી છે. અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, દુઃખમાંથી સુખમાં ને બંધનમાંથી મુક્તિના પ્રદેશમાં પહોંચવાની તેની ઊંડી ઝંખના છે. ખાનારાં, પીનારાં ને ભોગ ભોગવીને આનંદ કરનારાં માનવોને પણ એવી ઝંખના હોય છે. તે પણ બધી રીતે સંપૂર્ણ સુખી નથી હોતાં તે શાંતિ નથી અનુભવતાં. એટલે જીવન તથા સંસાર માત્ર લ્હેર કરવા માટે જ છે એમ માનવું નકામું છે.



એનો આનંદ લેવો જ નહીં એમ નથી, પણ એ આનંદને જ સર્વસ્વ માનીને ભાન ભૂલી જવાની જરૂર નથી. એના નશામાં નથી પડવાનું, ને ના પડાય તેનું પૂરેપૂરું ધ્યાન રાખવાનું છે. જીવન ને સંસાર એક મંગલ સાધનાભૂમિ છે : પૂર્ણતાની સુંદર પ્રયોગશાળા છે : અજ્ઞાન, દુઃખ, દર્દ, ભેદભાવ ને અશાંતિમાંથી મુક્તિ મેળવવામાં મદદ કરનાર એક મૂલ્યવાન સાથી ને સંપત્તિ છે. એનો ઉપયોગ કરીને, પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને મુક્તિ મેળવવાની છે. એટલે પ્રકૃતિ ને એના સુંદર સંસ્કરણ સરખા સંસારના હેતુ બે છે : ભોગ ને મોક્ષ. સાધન દ્વારા સ્વરૂપનું દર્શન થાય એ હેતુ સંપૂર્ણ ને સફળ થાય છે.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૬ ઓગસ્ટ–૨૦૧૪ અંક ૧૧**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળ:–૫૫, અરૂણોદય સોસાયટી અલકાપુરી, વડોદરા**

**તા.૧૧/૦૭/૮૨ મંગળવાર**

મુલાકાતના સમયે લંડનવાળા બચુભાઇ વગેરે મળવા આવે છે. લંડનની થોડી વાતો ને અમેરિકાની પણ થોડી વાતો થાય છે. શ્રી ઈશ્વરભાઇ ને બચુભાઇએ એ કરી.

બપોર પછી થોડો આરામ કર્યો. સાંજના સત્સંગમાં શ્રી કલોલા સૌ પ્રથમ ભજન ગવડાવે છે. પછી એક ભાઇ અર્ધ્યનું ભજન ગવડાવે છે.

આજે પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં શ્રી રામકૃષ્ણ કથામૃતનું 'સાકાર ઈશ્વર દર્શન' નામનું પ્રકરણ શ્રી ચંપકભાઇ પૂ.શ્રીની સૂચનાથી વાંચી સંભળાવે છે.

પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન:–**કોઇ વ્યક્તિ માટે આપણને ખરાબ વિચારો આવે છતાં આપણે તેની સાથે સારું વર્તન રાખીએ તો તે આધ્યાત્મિક રીતે તેની કેવી તુલના થાય?



**પૂ.શ્રી:–**મહાત્મા અનેક જાતના છે. મનમાં વિચાર આવ્યો એટલે તે ખોટો. મનથી ખરાબ વિચારે તે દાંભિક જ કહેવાય. મનમાં એક વાત ને વાણી ને વર્તન જુદાં હોય તો તે દંભ.

મનના વિચારો ઉપર જ સંયમ. ખરાબ વિચારો આવે તો મનને પૂછવું, આ વિચાર લાભદાયક છે? જેના વિશે વિચાર આવે તેણે તમારું કંઇ બગાડ્યું છે? સંકલ્પ ને દૃઢ મનોબળથી ખરાબ વિચારો રદ કરી શકાય.

**પ્રશ્ન:–**શ્રાધ્ધ મૃતાત્માને પહોંચે?

**પૂ.શ્રી:–**કોઈના સમાચાર આવતા નથી. ઘણીવાર જે જીવોના જન્મ થતા નથી તે સ્વપ્નમાં આવી સગાને સૂચના આપે ને પછી શ્રાધ્ધક્રિયા કરે. પછી તેઓ સંતોષ વ્યક્ત કરે છે.

મૃતાત્માને પહોંચે છે એ ન માનીએ તો પણ જીવતાને જ ભોજન તો મળે ને? કપડાં વહેંચો તો જીવતાને તો તે પહોચ્યાંને! એ રીતે સમાજની સેવા થશે.

**પ્રશ્ન:–**હનુમાનજીની મૂર્તિ દક્ષિણ તરફ કેમ?

**પૂ.શ્રી:–**શાસ્ત્રમાં વિધાન છે. પૂજા કરનારનું મુખ પૂર્વ કે ઉત્તર તરફ હોવું જોઇએ. તેથી પણ એ રીતે દક્ષિણ તરફ મૂર્તિ હશે.

**પ્રશ્ન:–**ગુરુ એક હોય કે અનેક?

**પૂ.શ્રી:–**દીક્ષા ગુરુ એક, શિક્ષાગુરુ અનેક (એકલવ્ય ને પાર્વતીનાં દૃષ્ટાંત આપે છે.)

અંતે સર્વેશ્વરીના ભજન બાદ સત્સંગ પૂરો થયો. સૌ વિદાય લે છે.

હળવા નાસ્તા બાદ, આરામ.

**તા.૧૨/૦૭/૮૨**

આજે પૂ.શ્રીએ ભોજનમાં ફક્ત લીંબુનું શરબત પીધું, કારણ શરીર અસ્વસ્થ હતું.

આજે બપોરની બેઠકમાં શ્રી મૂળશંકરભાઇ જાની આવ્યા છે. તેમને રામાયણ સંભળાવ્યું.

**પૂ.શ્રીઃ—**બધા સંતો, દેવો, શાસ્ત્રો, બધાની જ મે સ્તુતિ કરી છે. એટલે બધા જ પ્રસન્ન રહે છે. કોઈપણ સત્કર્મ નકામું જતું નથી.

**કોઈનો ભાર ન રાખે મૂરારિ,**
**આપે વ્યાજ સાથે ગિરધારી.**

વળી રામાયણમાં જયંતની વાત કરતાં પૂ.શ્રી જણાવે છે કે સંતદ્રોહી ને પ્રભુદ્રોહી ક્યાંયે પણ શાંતિ ન પામે.

જયંત માટે એક નયનની પૂ.શ્રીની નોંધ નવી જ હતી. તેની પણ વાતો થઇ.

આ સાંભળીને શ્રી મૂળશંકરભાઇ પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્નઃ—**આ બધુ ઓરીજીનલ (મૌલિક) છે?

**પૂ.શ્રીઃ—**હું પણ ઓરીજીનલ જ છું. ૨૦, ૨૫ વરસ હિમાલયમાં રહીને કોણ સફેદ કપડાં જ રાખે! બે વરસમાં જ ભગવાં પહેરી લે.

પ્રભુની કૃપાથી આ રામાયણ લખાયું. નવાનવા અર્થો સાથેની એ નોંધ રામાયણના રસિયા વાંચશે તો તેમને આનંદ આવશે.

આજે બીજી ખાસ કંઇ વાત નોંધવા જેવી નહોતી.

સાંજે સત્સંગ પહેલાં અમદાવાદ જવાનું નક્કી થયું. સાઉથ આફ્રિકાના કાગળોનું કામ હતું.

આજે સાંજના સત્સંગમાં પાલનપુરથી વિજયભાઇ પુરોહિત (બાપજી) આવ્યા છે. તેમને ભજન ગાવાની સૂચના થઇ. પછી બીજા બે ભાઇઓ પણ ભજનો ગવડાવે છે. જેમાં એક ભાઇ **"યોગેશ્વર નાથ, સર્વેશ્વરી માત અપરાધો કરો માફ."** એવા શબ્દોવાળું નવું જ ભજન હતું, તે નોંધપાત્ર હતું.



ત્યારબાદ પૂ.શ્રીનું 'પ્રેમ ભક્તિની પગદંડી' નામના પુસ્તકમાંથી 'એકાંત વાસની આવશ્યકતા' નામનું પ્રકરણ વાંચી સંભળાવવામાં આવ્યું.

આજકાલ ખાસ કોઇ પ્રશ્નો નથી પૂછાતા, એટલે શ્રી જશભાઇ પૂછે છેઃ—

**પ્રશ્નઃ—**હું દરરોજ સવારે ૧ કલાક જપ કરું છું. મને રડવું આવે છે ને જીવનની ત્રૂટિઓ યાદ આવે છે.

**પૂ.શ્રીઃ—**શ્રી વલ્લભાચાર્યે ભક્તિમાર્ગના આઠ મહાભાવોનું વર્ણન કર્યું છે. નર્તન રૂદન, કીર્તન, રોમાંચ વગેરે ભગવાન માટે રડવું આવે, તેની કૃપા માટે રડવું આવે, તે તો ઘણું સારું કહેવાય. રડવું આવે તે તો ઘણું સારું કહેવાય.

વીતાવેલું જીવન એમ નેમ ગયું. હવે શેષ જીવનમાં ભક્તિભાવ વધે એવી પ્રાર્થના કરતા હતા. રડવું આવે તો તે પણ સારું.

સંતો કે ભક્તોનાં દર્શન કે કૃપા મેળવવા રૂદન આવે તો તે પણ સારું. સંતો કે ભક્તોના કૃપા પ્રસંગોના સ્મરણથી રૂદન થાય તો તે પણ ઉત્તમ.

જીવન નિરીક્ષણ પણ સારી વાત. ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથજીની મૂર્તિ જોતાં જોતાં રૂદન કરતા.

સંતો માટે રૂદન પણ ઉત્તમ. સંત ને પ્રભુ જુદા નથી. પ્રભુ અનુગ્રહ કરવા માંગે તો તે સંતના માધ્યમથી જ. સંતો પ્રભુના પાર્ષદ બનીને જીવનું કલ્યાણ કરે.

ગોવિંદ જય જય ગોપાલ જય જય

(પૂ.શ્રી ધૂન બોલાવે છે.)

બીજા કોઇ પ્રશ્નો હોતા નથી. તેથી શ્રી યોગેશ્વર બાવની ગવાય છે. સત્સંગ પૂરો થાય છે.

સાંજે હળવો નાસ્તો લઇ આરામ. (ક્રમશઃ)

# મા પરિવારના શ્રીરમેશચંદ્ર ભક્તની વિશેષતાને વંદન

—મા સર્વેશ્વરી

આ પૃથ્વીપટે માને સહાયક થવા અનેક સ્વજનોને પરમેશ્વરે ઉતાર્યા. કેટલાક સ્વજનોને કર્પૂરવન કાલીમંદિરમાં ઉતાર્યા. તેમાંના એક શ્રી રમેશચંદ્ર તથા શ્રી શારદાબેન પણ છે.

માના લાંબા જીવનપટ પર છેક નાનકડી નવ દશ વર્ષની વયથી આજે ૭૧ વરસ સુધી એ સ્વજન વડીલની છત્રછાયા પ્રેમાળ વસ્તલ માતાપિતા સમી રહી છે.

નાનકડી નવ વર્ષના મા વ્યારામાં બેનો સાથે ભણતાં હતાં. એ સ્વજન પોતાના કામ માટે વ્યારા આવતા તો અચુક મળવા આવતા. એમની કફનીના ખિસ્સામાંથી ૧ રૂા. ચોકલેટ દાણાચણાનો અમે હકથી લઈ લેતાં. ૧૯૫૨—૫૩ની એ વાત છે. ત્યારે ૧ રૂ.ની કિંમત કેટલી મોટી છતાં અમારી એ બાળ રમતને પ્રેમથી વધાવતા રહ્યા.

નડિયાદ વિઠ્ઠલ કન્યાવિદ્યાલયમાં અમે ભણ્યાં. તો ત્યાં અને સૂરત જીવન ભારતીમાં ભણ્યાં તો ત્યાં પણ પાટીદાર આશ્રમમાં નિયમિત મળતા અને અભ્યાસની સંભાળ લેતા રહ્યા.

સૂરત કોલેજકાળનાં બધાં જ વરસો અમને શ્રી શારદાબેનના નાસ્તાના ડબ્બા એ જ હૉસ્ટેલમાં પહોંચાડતા રહ્યા. એ રીતે મળતા રહ્યા.

બી.એ.માં ગોલ્ડ મેડલ મળ્યો તો બેન સાથે ખાસ મળવા આવ્યા. રૂ. ૨૫ની ભેટ આપી. માએ તેમાંથી રામચરિત-



માનસના બે ભાગ ખરીદી તેના પ્રથમ પૃષ્ઠ ઉપર ભગવાન શ્રીરામનું સ્વરૂપ લગાડી તેની નીચે એ બન્નેના હસ્તાક્ષરમાં આશીર્વાદ લખાવ્યા. ૧૯૬૫—૬૬ની એમની એ સ્મૃતિ પણ એક શિક્ષણપ્રેમી સ્વજન તરીકેની સ્મરણપટ્ટ પર રમી રહે છે.

કોલેજકાળના બધા જ વેકેશનોમાં એમના રાજપીપળાના નાનકડા પાચમ નામના ગામડે પણ રજાની મોજ માણવાની તક મળી છે. શ્રી શારદાબેન તથા શ્રી રમેશચંદ્ર બન્ને અતિપ્રેમાળ એટલે વેકેશન પહેલાં જ પત્ર આવી જતો આમંત્રણનો.

અભ્યાસ પૂર્ણ કરી સાધના વિદ્યાભવનમાં જોડાયાં તો તે વરસોમાં પણ અવરનવર તેઓ મળતા રહ્યા.

૧૯૭૧થી પૂ.શ્રીનો પરિચય થયો તો સૂરત એક બે વાર પ્રવચનનો પણ એમણે લાભ લીધો.

પૂ.શ્રીના પરિચય પછી શનિરવિ કર્પૂરવન જવાનું થતું, તો શારદાબેનના માળ ઉપર જ અમારી નિત્ય પ્રાર્થનાનો ક્રમ પળાતો રહ્યો. બપોરે ૧,૨ વાગ્યે પ્રાર્થના પૂરી થાય ત્યાં સુધી એ ભક્તદંપતી રાહ જોતાં અને પછી જ ભોજન સાથે લેતાં.

અરે! કર્પૂરવનમાં પૂ.શ્રીને પોતાને આંગણે ત્રણ ત્રણ વાર ઉતારીને એ ભક્તદંપતીએ સર્વશ્રેષ્ઠ સંતસેવા કરી છે. નિત્યપ્રભાતે પૂ.શ્રીની આરતી ઉતારી છે. સ્વતંત્ર નિવાસની સેવા ધરી છે. સૂરત જીલ્લાની પ્રવચનયાત્રામાં શ્રી શારદાબેને પૂ.શ્રીની ગાડીનું નિત્ય પૂજન કર્યું છે. અને તે ગાડીનું સારથિપદ શ્રી રમેશચંદ્રે સેવકભક્ત બનીને સંભાળ્યું છે. એ રીતે પૂ.શ્રીનું સંનિધિસુખ મેળવ્યું છે.

સાધના વિદ્યાભવનને સલામી ભરી તે ઐતિહાસિક ક્ષણોમાં

પણ એ ભક્તદંપતીએ સમજપૂર્વકનો શ્રેષ્ઠ સહયોગ ધરી પડખે રહ્યા છે.

પ્રભુપરાયણ જીવનના વળાંકે પણ એ દીવાદાંડી બનીને પડખે જ રહ્યા છે.

૧૯૮૪ થી ૨૦૧૪ સુધી સતત આજે પણ પ્રેમભરી સંભાળ રાખી રહ્યા છે.

કર્પૂરવન એમને આંગણે જ માને પણ વરસો સુધી ઉતાર્યા છે. સંભાળ્યાં છે. ત્યારે પણ પૂ.શ્રી જેવો જ સન્માનભર્યો, ભક્તિભાવ ધર્યો છે.

કર્પૂરવન કાલીમંદિરનાં આ મા તો સૌથી નાનાં સંતાન. છતાં એ પૂજ્ય વડીલોએ અમને સમજવાનો ને સન્માનવાનો શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો છે.

વરસોથી વિદેશ વસે છે. છતાં એજ કફની પાયજામો ને ટોપી (શુદ્ધ ખાદીનો) ભારતીય વેશ દેશભક્ત તરીકે જીવનભર રાખ્યો છે.

૧૯૯૬માં એ સ્વજન વડીલના પરિવારે વિદેશમાં પહેલી સાધના શિબિરનું આયોજન કર્યું ત્યારે પણ એમનો વરદ હસ્ત આ મસ્તકે ફરતો રહ્યો.

જગદીપ—નયનાના દરેક ધર્મકાર્યમાં સતત પડખે રહી પ્રોત્સાહન ને હૂંફ ધરતાં રહ્યાં છે. ૨૦૦૩માં કર્પૂરવનમાં સંનિધિપર્વનું આયોજન કરી સેવાનો એક મહાયજ્ઞ સફળ કર્યો છે.

એ પરિવારે સ્વર્ગારોહણમાં જયપૂર ફૂટકેમ્પ અને વસ્ત્રદાનના અનેક સત્કર્મો કર્યાં છે. અરે! પૌત્રના લગ્નના શ્રી ગણેશ સ્વર્ગારોહણમાં ૧ સત્કર્મથી માંડ્યા છે



એ પરિવારે કર્પૂરવનને 'ૐ મા પ્રાથમિક શાળા'ની ભવ્ય ઈમારત પંચાયતને અર્પણ કરી છે. વ્યારા હોસ્પિટલમાં અનેક ગુપ્ત સત્કર્મો શ્રી કૃષ્ણના નામે કરીને ગુપ્તદાનની ગંગા પણ વહાવી રહ્યા છે.

આજે પણ કર્પૂરવન એમને આંગણે મફત આંખની સારવારનો કેમ્પ અતિનિયમિત દર મહિને ચાલી જ રહ્યો છે. એ રીતે સ્વર્ગારોહણને આંગણે એ પરિવાર તરફથી પાણીની પરબ પણ ચાલી રહી છે.

એ પરિવારના એ વડીલ ભક્તદંપતીએ વારંવાર સાત્વિક માંગણી કરી છે.

હે મા! તમારે માટે કર્પૂરવનમાં જ એક નાનકડું ઘર બનાવવું છે. જેમાં તમે તમારી રીતે સ્વતંત્ર રહીને સાધના કરી શકો ને અમારી છત્રછાયામાં રહી શકો. આપણા આ ઘરની સાથે જ તે બનાવીએ.

એ ભક્તદંપતીના પ્રેમ શ્રદ્ધાભક્તિ સામે કાયમ મા સમજાવતાં રહ્યાં છે કે,

ત્યાગ કર્યા પછી જ્યાં જેટલું પ્રભુ રાખે ત્યાં તેટલાં ઘર આપણાં જ ગણાય ને! એટલે તમે ચિંતા ના કરો. પ્રભુ બધું સંભાળશે.

ત્યારે ત્યારે એ ભક્તદંપતી કહેતાં રહે છે અમે મોટા એટલે અમારી ફરજ છે. આપને માટે અમારે કંઇક તો કરવું પડે ને!

વિવિધ વિશેષતાથી છલકાતા એ ભક્તદંપતીએ માના જીવનમાં જે સમજપૂર્વકનો સહયોગ ધર્યો, હૂંફ ધરી, છત્ર ધર્યું, આશીર્વાદ ધર્યા એ સઘળું નોંધપાત્ર છે, વંદનીય છે.

એવા એ ભક્તદંપતીની સ્મરણયાત્રા સમાપ્ત થતાં પહેલા જ

શ્રી રમેશચંદ્ર ૮૭ વરસે ટૂંકી માંદગી સાથે પૃથ્વીપટેથી વિદાય લીધી છે.

એમના અંગતજીવનમાં ડોકીયુ કરીએ તો ઘણાં ઘણાં વરસોથી નિયમિત પ્રભાતે પ્રાર્થના કરવાનો નિયમ તો છે જ. પણ પ્રાર્થના પછી અતિનિયમિત ગંગાજળનો પ્રસાદ લેવાનો નિયમ પણ પ્રેરણા ધરે તેવો છે.

અંતિમ માંદગીમાં અર્ધબેહોશી દશામાં વેદના વધે ત્યારે 'ૐ મા ૐ મા'ના જ પોકારો પાડતા રહ્યા અને એવી દશામાં કોઈપણ જાતના અનુસંધાન વગર સૌનું કરો કલ્યાણ. સૌનું કરો કલ્યાણ, સૌનું કરો કલ્યાણ પણ બોલતા રહ્યા. વળી એક દિવસ ફરી એવી બેહોશીમાં મા આવ્યાં છે પ્રણામ કરો. મા આવ્યાં છે પ્રણામ કરી આવો, એવા શબ્દો પણ ૩,૪ વાર બોલતા રહ્યા.

આ એમની જીવનની ઓળખ છે. અર્ધબેહોશીમાં પણ પ્રભુપરાયણ મન અને સૌના કલ્યાણની પ્રાર્થના અને પ્રણામ કરવાની સજાગતા ભાગ્યે જ જોવા મળે, એવી આ વિશેષતા એમના ધર્મપરાયણ જીવનનું દર્પણ છે.

માને સર્વપ્રકારે સહાયક થવા અને કાલીમંદિરના વડીલ સ્વજન બની પૂ.બા—બાપુજીની હાશ પામવા જ જાણે પૃથ્વીપટે પધાર્યા હતા એવું લાગે છે. માના ૭૧ વરસના લાંબા આયુષ્ય ઉપર એ સ્વજનો લગભગ ૬૧ વરસથી અખંડ છત્ર ધરી હૂંફ ધરી પ્રેમ વરસાવતા રહ્યા છે.

એમના સાંસ્કૃતિક વારસદાર જગદીપ—નયના માતાપિતાને દીપાવે તેવાં ધર્મકાર્યો કરી જ રહ્યાં છે. એટલે કે એ વડીલ સ્વજન અમર રહ્યા છે ને રહેશે.



# પૂ. ગુરુદેવને સ્મરણાંજલિ

—તંત્રી

તા. ૧૫મી ઓગસ્ટ એ ભલે આપણો સ્વાતંત્ર્ય દિન રહ્યો પણ અમારા માટે અમારા પ્યારા પૂજ્ય ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો પ્રાગટ્ય દિન. સને ૧૯૨૧ ના ૧૫મી ઓગસ્ટના આ શુભ દિને આપે આ પૃથ્વી પર આપની મંગલકારી આંખ ઉઘાડી તો આ પૃથ્વી પર કેટકેટલા જીવો આપનું સાન્નિધ્ય પામી—પ્રભુપંથે વળ્યા. તેનો હિસાબ તો કોણ રાખે?

વળી આપે બાળવયથીજ જે સાધનાત્મક ક્રમાંક જીવનમાં અપનાવ્યો તે અંગે આપની આત્મકથાના પ્રારંભે મહાત્મા શ્રી બ્રહ્માનંદ સ્વામીએ જે વિગતો આમુખમાં આપી છે. તે સાચેજ આપની સ્મરણાંજલિ બની રહે તેવી છે. તેથી ચાલો આપણે એ મહાપુરુષની લેખિનીના કેટલાક અવશેષો માણીએ.

## આમુખ

શ્રી યોગેશ્વરજીના જ્યોતિર્મય જીવનનો હું વરસોથી સાક્ષી રહ્યો છું. મેં ગુજરાતની પુણ્યભૂમિના એમના સાબરમતી તટ પરના નાનકડા જન્મસ્થાનને જોયું છે, એમણે જ્યાં રહીને કઠોર તપ કરેલું તે દેવપ્રયાગના એમના એકાંત આશ્રયને જોયો છે, એમના સાધનામય જીવનનો પરિચય પ્રાપ્ત કર્યો છે, એમના ઉપવાસોને નિહાળવાનું સૌભાગ્ય પણ મેળવ્યું છે, એમની સ્થિતપ્રજ્ઞતાને પણ નિહાળી છે, અને એ બધા પરથી મારી પ્રતીતિ થઈ છે કે એ જીવનમુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમિયાન

કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે, પરંતુ યોગેશ્વરજી જેવા સાચા સંપૂર્ણ સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

યોગેશ્વરજીએ સાધનાના જટિલ જીવનપંથને ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, ઈશ્વરરૂપી પરમ કરુણામયી માતાનો આશ્રય લઈને, એની આંગળી પકડીને, એકલે હાથે જ ખેડવા માંડ્યો ને પૂરો કર્યો છે. એ સતત સાવધ, જાગ્રત, આત્મનિરીક્ષણયુક્ત રહ્યા છે, નાનાં મોટાં પ્રલોભનોમાં પડ્યા નથી. નાના સરખા ગામમાં જન્મીને અભ્યાસાર્થે મુંબઈ ગયા. ત્યાંના નિવાસ દરમિયાન આધ્યાત્મિક માર્ગે આગળ વધવાના સંકલ્પો અને એ સંકલ્પોની સિદ્ધિના પ્રયત્નો કર્યા. પવિત્ર હિમાલયમાં વસ્યા. ભાતભાતની સાધનામાં પ્રવેશ્યા. જુદા જુદા જ્ઞાત—અજ્ઞાત સિદ્ધ પુરુષો કે સંતોને મળ્યા. અલૌકિક અનુભવો પામ્યા. અને છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખર પર પહોંચીને શાંતિમય બન્યા. એ બધું ભગીરથ કાર્ય એમણે સતત લગન, ધીરજ, હિંમત, ત્યાગ, શ્રદ્ધા તથા સમર્પણભાવથી પૂરું કર્યું. બીજા સાધારણ અથવા અસાધારણ સાધકો એમના જીવનમાંથી ઘણું ઘણું શીખી શકશે. સાધનાને નામે પેદા થતી ભ્રાંતિઓને ને કપોલકલ્પિત માન્યાતાઓને દૂર કરીને સાધનામય જીવનનો સાચો પ્રકાશ પામી શકશે. છેવટે ધન્ય બનશે.

એમણે કરેલા અવારનવારના ઉપવાસો આજની પ્રજાને આશ્ચર્ય પમાડે તેવા છે. અને એમ તો એમનું આખું જીવન



આશ્ચર્યકારક છે. એ ઉપવાસો એમની પરમાત્મપ્રીતિ, લગની ને નિષ્ઠાની પ્રતીતિ કરાવે છે. એમણે કેટકેટલાં કષ્ટો વેઠીને એમના ધ્યેયની સિદ્ધિ સારુ સાધના કરી છે એનો પરિચય કરાવે છે. એમની સાધના કેવળ એમને માટે જ નહોતી થઈ, એમની આત્મકથા દર્શાવે છે કે દેશ તથા દુનિયાને માટે, બીજાને સુખશાંતિ પહોંચાડવા તથા મદદરૂપ થવાને માટે પણ એમણે સ્વપ્નાં સેવેલાં ને બનતા પ્રયત્નો કરેલા. દેશની સ્વતંત્રતાને માટે હિમાલયમાં રહીને એમણે વરસો સુધી પ્રાર્થનાઓ કરેલી. દેશની ઘટનાઓનું સતત ધ્યાન રાખેલું.

હે મહાપુરુષ, આપના હયાતી કાળમાં અમે આપને ઓળખી ના શક્યા કારણ કે આપનું સર્વોચ્ચ આધ્યાત્મિક ક્લેવર છેક જ ગુપ્ત રાખી આપ અમ સાથે રહ્યા ને વિચર્યા. કિન્તુ પૂ. મા સર્વેશ્વરીએ અમોને આપની મહાનતાનું ભાન કરાવ્યું. પૂ.માએ જપ અને ઉપવાસોનાં અનેક ક્ષેત્રે જે નવાં પરિમાણો— માઈલસ્ટોન પ્રસ્થાપિત કર્યા તે આપની જ લીલાના ભાગરૂપ છે. એટલે હે ભગવંત—આવી આપની અનેક લીલાઓને ન સમજનાર અમને ક્ષમા કરજો. શરણે આવેલા અમારા સહુનો પણ પ્રભુ હાથ ગ્રહી—આ સંસાર સાગરમાંથી પાર ઉતારજો. એ જ સ્મરણાંજલિના અંતે પ્રાર્થના.

# સ્વર્ગારોહણમાં ઉત્સવ ગુરુપૂર્ણિમાનો

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

શ્રી યોગેશ્વર પરિવારના સાધકો માટે પૂ.મા સર્વેશ્વરીના મંતવ્ય પ્રમાણે ચાર ઉત્સવો મહત્ત્વના. ૧૫ મી ઓગસ્ટ પૂ.શ્રીનો પ્રાગટ્ય દિન પૂ.શ્રીનો નિર્વાણ દિન ૧૮ મી માર્ચ, પૂ.માનો પ્રાગટ્યદિન ૧૩ મી નવેમ્બર ને ગુરુપૂર્ણિમા.

ભારતીય સંસ્કૃતિમાં આધ્યાત્મિક સાધના ક્ષેત્રમાં ગુરુનો મહત્ત્વનો ખૂબ આદરપૂર્વક સ્વીકાર કરવામાં આવ્યો છે. તેથી અષાઢ સુદ પુનમના દિનને ગુરુપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ દિન ભગવાન વેદ વ્યાસનો જન્મદિન હોવાથી પહેલાં તેને વ્યાસપૂર્ણિમા કહેવાતી. પછી તે પરંપરા ભાગવતકથાના કરનારા અન્ય વ્યાસોને—કે સંપ્રદાયોના ગુરુઓને કે કોઇ આધ્યાત્મિક મહાપુરુષોને પૂજી તેઓ પ્રત્યેના આદર અને ઋણ અદા કરવાના મંગલ પર્વ તરીકે સ્વીકાર પામી.

આથી સ્વર્ગારોહણ કે જ્યાં પૂ.શ્રી ગુરુદેવનાં પુનિત પગલાં પડેલાં ને પૂ.મા શ્રી સર્વેશ્વરીના અનેક સાધનાત્મક યજ્ઞોનું સાક્ષી બનેલું આ સ્થાન—સાધકો માટે ખૂબ જ પ્રેરણાસ્પદ બની ગયું છે. આથી અહીં આવનાર અજાણી વ્યક્તિ પણ એક અનોખી શાંતિ ને આંતર સુખનો અનુભવ સહજ રીતે કરે છે. તો ભાવભક્તિથી સંપન્ન સાધક તો કેવું અનુપમ સુખ પામે. તે તો અહીં આવી અનુભવે તે જ જાણે. એટલે અહીં તા.૧૧ થી ૧૩ જુલાઇ સુધીનું ત્રણ દિવસનું પર્વ ઉજવાયું જેમાં ઘણા બધાં સાધક ભાઇબેનો ઉત્સાહપૂર્વક જોડાયાં.



પૂ.મા હાલ વિદેશમાં છે. પરંતુ અહીંની કુટિયા, ને પૂ.માનો આવાસ એટલા બધાં આધ્યાત્મિક સ્પંદનોથી ભરેલાં અનુભવાય છે કે સાધકનું મન સહજ શાંતિનો અનુભવ કરે. પ્રાતઃકાલની પ્રભાત ફેરી, પ્રણામોની પરંપરા, બાવનીઓનું ગાન, ગુરુલીલામૃતના અધ્યાયોના પારાયણે—સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક સ્પંદનોથી ભરી દીધું.

અહીં આ વર્ષે બનેલ પૂ.માના આવાસ પરના નવા ઘૂમ્મટ નિમિત્તે પણ—વાસ્તુવિધિમાં પૂ.શ્રી મા—પ્રભુનું જ સંકીર્તન હોય તા. ૧૨મીની સવારે આ ઘૂમ્મટ નીચે પ્રથમ બેઠક કરવામાં આવી. તેમાં પ્રભુનાં ૧૦૮ નામોનો જાપ, અને ગુરુલીલામૃતના અધ્યાયોનું પારાયણ. આ ઉપરાંત પૂ.માનું દર્શન કરાવતી વિડિયો ને પ્રભુના પ્રવચનનું શ્રવણ મુખ્ય રહ્યાં.

આ ઉપરાંત શ્રી મંજુલાબેન ભાવસારે પૂ.માના મૌન એકાંતના પ્રસંગો વર્ણવ્યા. તો શ્રી શાંતિભાઇ કનેરિયાએ પૂ.શ્રી અને પૂ.મા સાથેના યાત્રા પ્રસંગો સરસ રીતે રજુ કર્યા. આમ ગુરુપૂર્ણિમાનો આખો દિવસ પૂ.મા પ્રભુમય બનીને જ જાણે પૂર્ણ થયો.

આ વર્ષે ચોમાસુ ગુજરાતમાં પ્રારંભ જ નથી પામ્યું. તેમાં ગુરુપૂર્ણિમાના દિવસે જ વરસાદની અમીધારા અંબાજીમાં અચાનક શરૂ થઇ. તેથી નાના મોટા સહુએ મન મૂકીને કુદરતી સ્નાનની મઝા માણી. એટલે આધ્યાત્મિક શાંતિ સાથે બહારની કુદરતી શીતળતા ભળતાં વાતાવરણ સુહામણુ બની ગયું.

તા.૧૩મીએ પૂ.માનું દર્શન ડી.વી.ડી. દ્વારા સાધકો પામ્યા.

તો શ્રી રાજુભાઇ જાનીએ નાના નાના પ્રણામના દૈનિક સંકલ્પો વડે ત્રણ લાખ પ્રણામ કેવી રીતે સિદ્ધ થાય તે સમજાવ્યું. શ્રી જ્યોત્સ્નાબેને પણ નિત્ય નામજપના નાના સંકલ્પો વડે કેટલી પ્રગતિ સાધી શકાય તેની વાતો કરી. સાધકોને રોજના દૈનિક જીવનમાં સાધનાને વણી લેવાથી, જીવનમાં કેવું પરિવર્તન આવે તે સમજાવ્યું.

પૂ.મા પ્રભુના જીવનમાંથી સાર ગ્રહણ કરવાની વાતો પણ થઇ. જેનો મુખ્ય સાર આ પ્રમાણે હતો. સાધનામાં અખંડ નિયમિતતા. દેશ, કાળ કે કોઇ પણ પરિસ્થિતિમાં—નિયમોનું ચૂસ્ત પાલન જરૂરી છે. વળી સમયના મૂલ્યની સમજ ને તેનો સદુપયોગ તેમજ જીવનમાં લક્ષ્યની આવશ્યકતા અને તેને સિદ્ધ કરવા માટે જાગૃતિપૂર્વકના સતત પ્રયત્નો મુખ્ય છે. આ સાથે માનવીય ગુણો જેવા કે પ્રેમ, દયા, કરુણા ને આર્દ્રતા વગેરે પ્રત્યે પણ દુર્લક્ષ્ય ન સેવાય.

અંતમાં મા—પ્રભુને પ્રાર્થના કરી કે હે મા! આપની કરુણા ને કૃપાના લીધે, આપનું ને પૂ.ગુરુદેવનું સાન્નિધ્ય અમે પામ્યા છીએ તો અમારો ભવરોગ આપ મટાડજો. અસ્તુ.

બોલવા કરતાં મૌન રાખવું એ શ્રેષ્ઠ કહ્યું છે, મૌન કરતાં સત્ય બોલવું તે વધારે શ્રેષ્ઠ છે, તે કરતાં સત્ય તથા પ્રિય બોલવું એ તેથી વધારે શ્રેષ્ઠ છે. અને તે કરતાં ધર્મ અનુરૂપ બોલવું સૌથી વધારે શ્રેષ્ઠ છે.



# વહેંચીને જીવવું—એ જ ઉત્તમ જીવવું છે.

—સુધા મૂર્તિ

## ભૂત સાથે ભાગીદારી

બે દશક પહેલાં હું એક કોલેજમાં ભણાવતી હતી. એ આખુ ચોગાન એટલું વિશાળ હતું કે એની અર્ધી જગ્યામાં જ કોલેજ હતી ને બાકીના અડધા ભાગમાં એક નિશાળનો પ્રાથમિક વિભાગ ચાલતો. હું અમારી કોલેજમાં પારીતોષિક સમિતિની ચેરમેન હતી. એક દાતાએ કન્નડભાષામાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને ઈનામ આપવા માટે કોલેજને પૈસા આપેલા હતા. એક એક હજાર રૂપિયાનું એ ઈનામ ‘કોલેજ ડે’ (College Day)ના આપવામાં આવતું.

અંતિમ વર્ષના બધા જ વિદ્યાર્થીઓની માર્કશીટ તપાસી, એમાંથી વિજેતાઓની યાદી બનાવીને સમિતિને સોંપવાનું કામ પારિતોષિક સમિતિના ક્લાર્કનું રહેતું. એ દિવસોમાં કમ્પ્યૂટર સ્કેનિંગ, ઓટો સોર્ટિંગ કે ઇ-મેઇલ જેવું કાંઇ નહોતું. એટલે ક્લાર્કે આ યાદી હાથે જ તૈયાર કરવી પડતી.

ગયા વર્ષે કન્નડમાં રોહિણીએ પંચ્યાશી ગુણ મેળવ્યા હતા, જે કોલેજમાં સૌથી વધારે હતા. અમે કોલેજનાં નોટિસબોર્ડ પર આ જાહેર કર્યું. બીજે દિવસે રોહિણીએ મારી ઓફિસમાં આવીને કહ્યું, ‘મે’મ, આમાં ભૂલ છે. સેક્શન-ડીમાં ભણતી સુનીતાને પણ પંચ્યાશી ગુણ છે.’

‘એ તને ખબર છે?’ મેં પૂછ્યું.

‘સુનીતાએ મને માર્કશીટ લઇ આવવા કહ્યું. એ લેવા હું

ઓફિસે આવી ત્યારે મેં જોયું કે એનેય મારા જેટલા જ માર્ક્સ હતા, પણ નોટિસ બોર્ડ પર તો માત્ર મારું જ નામ છે. મને કાંઇક ગોટાળો લાગતાં હું તમને કહેવા આવી.'

રોહિણીની પ્રામાણિકતા મને સ્પર્શી ગઇ. મેં તરત ક્લાર્કને બોલાવીને સુનીતાના માર્ક્સ પૂછ્યા. એણે અચકાતાં કહ્યું. 'માફ કરજો મેડમ, પંચ્યાશીને બદલે હું પાંત્રીસ સમજ્યો, એમાં આ ભૂલ થઇ.'

મેં એને ભારપૂર્વક બીજે જ દિવસે જઇને એની આંખો તપાસાવી લેવા કહ્યું, જેથી ભવિષ્યમાં આ ભૂલ ફરી ન થાય. જો રોહિણીએ મને જાણ ન કરી હોત તો અમારાથી એક તેજસ્વી વિદ્યાર્થીને અન્યાય થઇ ગયો હોત.

'કોલેજ ડે'ના એ ઇનામ રોહિણીએ ખુશી-ખુશી સુનીતા સાથે વહેંચ્યું.

એકબીજાં સાથે વહેંચવાની આ વાતથી મને આવા બીજા ઘણા રસપ્રદ અને આંચકાજનક કિસ્સાઓ યાદ આવે છે :

મને ખૂબ નવાઇ લાગી. મારા માટે તો ટેનિસ ને ક્રિકેટ બંને માત્ર રમતો જ છે. મારા હાવભાવ પારખીને એમણે સમજાવ્યું, 'ક્રિકેટ આપણી સફળતાને એકબીજા સાથે વહેંચતાં શીખવે છે, જ્યારે ટેનિસ વ્યક્તિકેન્દ્રી બનાવતાં શીખવે છે...!

એક વરસાદી દિવસે મારી ઓફિસમાંથી હું પ્રાથમિક શાળા જોઇ રહી હતી. વર્ષાની ઝરમર ચાલુ હતી. એક યુવાન માતાને મેં મોટી છત્રી સાથે જોઇ. એ શાળામાંથી પોતાની નાનકડી દીકરીને લેવા આવી હતી. એ નાનકડી દીકરીની બહેનપણી પાસે છત્રી નહોતી. એટલે એને પોતાની સાથે લેવા માગતી હતી. એની મા જાણતી હતી કે છત્રીમાં બંને આવી શકે તેમ છે,



છતાં એણે પોતાની દીકરીને જ કહ્યું, જો બેટા, મારી પાસે એક જ છત્રી છે. એને પોતાની છત્રી લઇ આવવા દે. તમે બંને એકસાથે આ છત્રીમાં નહીં આવી શકો.' મને લાગ્યું કે એની માએ તો ઊલટાનું એને સાથે લેવા પ્રોત્સાહન આપવું જોઇતું હતું. નાનકડી દીકરીના જીવનની એ એક મહત્ત્વની શીખ બની રહેત...!

બીજા એક પ્રસંગે, બાલ દિવસે (૧૪મી નવેમ્બરે) એક શિક્ષકે પ્રાથમિક શાળામાં મને રમતો રમાડવા બોલાવી. અમે દસ—દસ છોકરાંઓના ત્રણ જૂથ પાડ્યાં. દરેક જૂથમાં પાંચ કેળાં આપીને એમને વહેંચી લેવા કહ્યું. પરિણામ આશ્ચર્ય પમાડે એવું હતું! પહેલા જૂથમાં પાંચ છોકરાંઓ જબરાં હતાં. એમણે પોતે કેળાં પોતાની અંદર વહેંચી લીધાં ને બાકીના પાંચ છોકરાંઓ માટે એક પણ કેળું ન વધાર્યું! બીજા જૂથમાં, ત્રણ છોકરાંઓએ બે કેળાં વહેંચ્યાં ને સાત છોકરાંઓએ વધેલાં ત્રણમાંથી વહેંચી લીધાં! ત્રીજા જૂથના દરેક છોકરાંઓએ પાંચ કેળાના એકસરખા ભાગ કરીને વહેંચી લીધા! સૌથી આઘાતજનક તો એ થયું કે પેલાં જબરાં બાળકોની માતાઓ ખૂબ રાજી થઇને એકબીજાને અભિનંદન આપવા લાગી, 'અરે જોયું! મારું છોકરું કેવું તૈયાર છે. કોઇને પણ પાછળ છોડી દે. આજના યુગમાં આની તો જરૂર છે!' જે માએ પોતાના બાળકને સાચાં જીવનમૂલ્યો શીખવવાં જોઇએ, એને એણે ક્યારેય વહેંચીને જીવતાં પણ નથી શીખવ્યું! મારો ભ્રમ ભાંગ્યો હતો...

'આવા' યુગમાં રોહિણીએ એનું ઇનામ એની બહેનપણી સાથે વહેંચ્યું હતું, ને એ વાત મારા હૃદયને સ્પર્શી ગઇ.

સૌની સાથે વહેંચીને, હળીમળીને જીવવાનો ગુણ ખૂબ ઉમદા છે. લોકોને એ એકબીજા સાથે જોડે છે ને આપણો સમાજ

પણ આ સહચર્ય પર જ ટકેલો છે. Management Decision Making શીખવતી વખતે મારા વિદ્યાર્થીઓને હંમેશાં હું આ વાર્તા કહું છું : ઘણા સમય પહેલાંની વાત છે. એક વાર એક ગામડામાં ખૂબ વિદ્વાન કુટુંબમાં એક સાધારણ બાળકનો જન્મ થયો. એ કોઇ ખાસ સિદ્ધિ ન મેળવી શક્યો. મોટો થતાં બધાં એની સામે તિરસ્કારથી જોવા લાગ્યા. કુટુંબને માથે એ એક કાળી ટીલી જેવો હતો. આ અપમાન એ સહન ન કરી શક્યો ને એણે ઘર છોડી દીધું. એણે પોતાનું જીવન ટૂંકવવાનું નક્કી કર્યું. બીજા ગામની ભાગોળે પહોંચતાં જ એને એક મોટું ને અવાવરુ મકાન દેખાયું. એની જિંદગીની છેલ્લી રાત એણે અહીં વિતાવવાનું નક્કી કર્યું.

ત્યાંથી પસાર થતા કોઇ વટેમાર્ગુએ એને ખંડેરમાં પ્રવેશતો જોઇને કહ્યું, ‘અરે જુવાન, અંધારું થવામાં જ છે. શું તું અહીં રાત રહેવા માગે છે? તું ગાંડો તો નથી ને? એ મકાનમાં એક ભૂત છે. બીજું કોઇ ત્યાં રહેતું નથી. મારી સલાહ માન ને અહીંથી ચાલ્યો જા.’

છોકરાને તો એટલું જ જોઇતું હતું. એને થયું કે જો ભૂત એને ખાઇ જાય તો શ્રેષ્ઠ. પછી મૃત્યુ માટે બીજું કંઇ વિચારવું જ ન પડે.

રાત ઢળતી ગઇ ને સાથે અંધારુંય થવા લાગ્યું. છોકરો ભૂતની રાહ જોતો હતો. ત્યાં અચાનક ક્યાંકથી એક અવાજ સંભળાયો, ‘છોકરા, તું અહીં? શું તને મારી બીક નથી લાગતી?’

જરા પણ ગભરાયા વિના છોકરાએ જવાબ આપ્યો, ‘મને ખ્યાલ છે તું અહીં છે, તોય મારે અહીં રહેવું છે.’



ભૂત આંચકો ખાઇ ગયું! સામાન્ય રીતે એનું નામ સાંભળીનેય માણસો ભાગે. આ તો અવાજ સાંભળીનેય બીતો નથી. ભૂતે પૂછ્યું, ‘તું અહીં શા માટે આવ્યો છે?’

છોકરાએ પોતાની આપવીતી કહી સંભળાવી. એ સાંભળ્યા પછી એને ચકાસવા ભૂતે પૂછ્યું, ‘શું તું કાંઇ નવું શીખવા માગે છે? મહેનત કરવા, ગૃહકાર્ય કરવા ને એની સતત સાધના કરવા જો તું તૈયાર હોય તો હું તને સંસ્કૃતભાષા એના વ્યાકરણ અને એની મહાન કૃતિઓ સાથે શીખવીશ.’

છોકરાએ વાત તરત માન્ય રાખી ને પછી શરૂ થયા એ ભૂત અને છોકરાના વર્ગો. એક શિક્ષક અને એક વિદ્યાર્થીના રૂપમાં...

એક પછી એક દિવસ પસાર થતો ગયો અને છોકરો શીખતો રહ્યો. મહિનાઓ અને વર્ષો વીત્યાં. છોકરાએ આ દરમિયાન ક્યારેય ભૂતને જોયું નહોતું. માત્ર એનો અવાજ સાંભળ્યો હતો. એક દિવસ અચાનક ભૂત એની સામે પ્રગટ થયું, ‘છોકરા, આજે તેં ભાષા પર પ્રભુત્વ મેળવી લીધું છે. હવે શું તું મને સ્વર્ગમાં જવાની રજા આપશે?’

જુવાનિયો ગૂંચવાયો, ‘મેં ક્યારે તમને સ્વર્ગમાં જતા રોક્યા છે? તમે છો કોણ? તમે મને શા માટે ભણાવ્યો?’

ભૂતે એક નિસાસો નાખ્યો ને પોતાની વાર્તા માંડી, ‘હું આ ગામનો એક ખૂબ વિદ્વાન અને શ્રીમંત માણસ હતો. આ મારો બંગલો છે. મેં મારું જ્ઞાન કે પૈસો ક્યારેય કોઇ સાથે વહેંચ્યા નહીં. મને બીક હતી કે મારું જ્ઞાન હું કોઇને આપીશ તો એ મારાથી વધારે બુદ્ધિમાન થઇ જશે, ને જો મારો પૈસો લોકોમાં વહેંચીશ તો મારી પાસે શું રહેશે? હું ગરીબ થઇ જઇશ. હું

હંમેશા માટે બુદ્ધિશાળી ને શક્તિશાળી રહેવા માગતો હતો. એક દિવસ આ બધું જ સાથે લઈને હું મરી ગયો. જેવો મારો આત્મા સ્વર્ગમાં ગયો કે તરત મને એક ભૂત તરીકે પાછો મારા બંગલામાં જ ધકેલી દેવાયો, ને સાથે કડક સૂચના આપી કે જ્યાં સુધી મારું આ જ્ઞાન અને સંપત્તિ હું કોઈમાં વહેતી નહીં કરું ત્યાં સુધી હું સ્વર્ગ નહીં મેળવી શકું અને ભૂત બનીને જ ભટકીશ. પૈસો તો હું આરામથી વહેંચી શક્યો, પણ જ્ઞાન નહીં. લોકો મારાથી એટલા ડરતા કે ક્યારેય મારી સાથે રહેવા તૈયાર ન થતા. કેટલાંય વર્ષોથી હું એક સારા અને જિજ્ઞાસુ વિદ્યાર્થીની રાહમાં હતો, ત્યાં તું આવ્યો. મને જે કાંઈ આવડતું હતું તે મેં તને શીખવી દીધું. તેં મને મોક્ષ મેળવવામાં મદદ કરી છે. હું તારો ખૂબ આભારી છું. હવે હું જવા ઈચ્છું છું, જતાં–જતાં તને મારા એક શિક્ષકના છેલ્લા શબ્દો કહેવા માગું છું, જેને તું હંમેશાં યાદ રાખજે–'વહેંચીને જીવવું એ જ ઉત્તમ જીવવું છે.'

ઘણાં વર્ષો પછી આ છોકરો મહાકવિ કાલિદાસનો એક મહાન વિવેચક બન્યો. આ મહાકવિ વિશેની આપણી ઘણી બધી સમજ અને સંસ્કૃત ભાષામાં 'અર્થગૌરવ' એને આભારી છે. એ છોકરો એટલે બીજું કોઈ નહીં, પણ સંસ્કૃત વ્યાકરણકાર, વિવેચક અને મહાકાવ્ય 'किरातार्जुनीय'ના રચયિતા ભારવિ...!

વૃદ્ધાવસ્થા રૂપને હરે છે, આશા ધૈર્યને હરે છે, મૃત્યુ પ્રાણને હરે છે, ઈર્ષા ધર્માચરણને હરે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે, નીચની સેવા શીલને હરે છે, કામ લજ્જાને હરે છે, અને અભિમાન સર્વ કોઈને હરી લે છે.

–વિદુર નિતી



# સૂર્ય–ઉપાસનાનો મહિમા

–વિનોબા

**સૂર્ય**, નદીઓ, પેલો ઘૂ ઘૂ ઘૂઘવાટા ને ઉછાળા મારતો વિશાળ સાગર, એ બધાંયે પરમેશ્વરની મૂર્તિ છે, પરમેશ્વરનાં વિશાળ ને મનોહર રૂપો છે. આ બધાંમાં તમને પરમેશ્વર પ્રગટ થયેલો નહીં દેખાય, તો ક્યાં દેખાશે? પેલો સૂર્ય જુઓ! તેનું દર્શન એટલે પરમાત્માનું દર્શન. તે નાના પ્રકારનાં ચિત્રો આકાશમાં દોરે છે. મહિનાના મહિનાઓ સુધી પીંછીઓ મારી–મારીને ચિતારાઓ સૂર્યોદયનાં ચિત્રો ખેંચે છે. પણ સવારમાં વહેલા ઊઠી તમે પરમેશ્વરની એ કળા એક વાર જુઓ તો ખરા! એ દિવ્ય કળાને, એ અનંત સૌંદર્યને કોઈ ઉપમા સરખી આપી શકશે કે? કેટલું રમણીય દૃશ્ય હોય છે, સૂર્યોદય અને સૂર્યાસ્તનું! તે ન જોયું તો તમે એક રત્ન ખોયું. સૂર્યનું દર્શન જાણે પરમાત્માનું જ દર્શન છે.

**સૂર્યને ભગવાન માનીને તેની ઉપાસના**

આ સૂર્યને ઊગતો જોઈને ઋષિના મુખમાંથી ઉદ્ગાર સરી પડ્યા–

**ચિત્રં દેવાનાં ઉદ્ગાદ્ અનીકમ્**
**ચક્ષુર્ મિત્રસ્ય વરુણસ્ય અગ્નેઃ**
**આપ્રા દ્યાવાપૃથિવી અંતરીક્ષમ્**
**સૂર્ય આત્મા જગતસ્ તસ્યુષશ્ ચ**

– ભગવાનનું આ અનુપમ સુંદર રમણીય ચિત્ર ઉપર આવી રહ્યું છે. 'ઉદ્ગાત્' એટલે ઉપર આવવું. તે મૈત્રીનો આધાર,

સંયમનો આધાર, વૈરાગ્યનો આધાર છે. (મિત્ર = મૈત્રી. વરુણ = આવરણ કરનારો. સંયમનું ચક્ષુ. સંયમની સાધનાને આધાર જોઇએ, એ જ આધાર. અગ્નિ = વૈરાગ્ય.) સ્વર્ગ, પૃથ્વી અને અંતરીક્ષમાં તે છવાયેલો છે. તે જગત્ એટલે કે જંગમ્ અને સ્થાવરનો આત્મા છે. હાલતું ચાલતું અને સ્થિર એવું જે કંઇ છે, તેનો સૂર્ય આત્મા છે. ચરાચરનો તે આધાર છે. તેણે સ્વર્ગ અને પૃથ્વીને ધારણ કર્યાં છે. ખરેખર, આ સૂર્ય જીવનનો આધાર છે. તેનામાં પરમાત્માનાં દર્શન કરો! સૂર્યનું તેજ ઈશ્વરીય તેજના અંશથી જ પ્રદીપ્ત છે. વેદમાં કહ્યું છે કે પરમાત્માના તેજથી પ્રજ્વલિત સૂર્ય તપી રહ્યો છે.

ૠષિઓએ નક્કી કર્યું કે આ જે સૂર્યનારાયણ છે, તેને ભગવાન માનીને તેની ઉપાસના કરીશું. સૂર્યને કેમ પસંદ કર્યો? એમણે જોયું કે જેમ ભગવાન અલિપ્ત હોય છે, તેમ સૂર્ય પણ અલિપ્ત છે. જેમ ઈશ્વર ઊંચાઇ પર છે, તેમ સૂર્ય પણ ઊંચાઇ પર છે. ઈશ્વર જેમ સર્વત્ર સમાન છે, તેમ સૂર્ય પણ સર્વત્ર સમાન છે. તે સર્વત્ર સમાન રૂપે કિરણો ફેલાવે છે, સર્વને પ્રકાશ આપે છે, પ્રકાશ આપવામાં કશો ભેદભાવ રાખતો નથી. વળી, ભગવાનની જેમ સૂર્ય સ્વયં કાંઇ કરતો નથી, કેવળ તેના અસ્તિત્વ માત્રથી જ બધું થતું રહે છે. જેમ ઈશ્વરમાં જ્ઞાન છે, તેમ સૂર્યમાંયે પ્રકાશ યાને જ્ઞાન છે. —આવું વિચારીને ૠષિઓએ સૂર્યને ભગવાન માનીને તેની પૂજા કરી.

કુરાનમાં એક વિશેષ પ્રકારની શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી છે. તેમાં કહ્યું છે કે તમારે જો ઈશ્વરની ઉપાસના કરવી હોય, તો તેણે જેમને પેદા કર્યા છે એમની ઉપાસના ન કરો, પણ જેણે



એમને બધાંને પેદા કર્યા છે, તેની જ ઉપાસના કરો. એટલે કે કર્તાની ઉપાસના કરો, કર્મની નહીં. તમે ચાંદ—સૂરજની ઉપાસના ન કરો, પણ આ ચાંદ—સૂરજને જેણે પેદા કર્યા છે તેની ઉપાસના કરો.

### નિરાકાર ઉપાસનાની આ વિરુદ્ધ નથી

આ ભૂમિકા અલબત્ત ધ્યાનમાં રાખવાની છે. તેમ છતાં વિજ્ઞાન તમને કહેશે કે જીવન માટે સૌથી વધુ આવશ્યક વસ્તુ છે ઉષ્ણતા. તે સૂર્ય—પ્રકાશમાંથી મળે છે. તેના પ્રકાશ—ઉષ્ણતાથી આપણે અસ્તિત્વમાં આવ્યા. આમ તો અગ્નિ, ચંદ્ર, તારિકાઓ, વીજળી અને સૂર્ય—એમ પાંચેયમાંથી આપણને પ્રકાશ મળે છે. પણ દરેકનું સ્વરૂપ જુદું છે. અગ્નિનો પ્રકાશ સીમિત ને પરિમિત હોય છે તથા તેને પ્રજ્વલિત કરવા માટે આપણને કોઇક સાધનની જરૂર પડે છે. એટલે તેની એક મર્યાદા આવી જાય છે. ચંદ્રમાંથી આપણને પ્રકાશ મળે છે, પણ તે પ્રકાશ સ્વયંભૂ નથી, તે પર—પ્રકાશ છે. તારિકાઓનો પ્રકાશ જો કે સ્વયંભૂ છે, પણ તે અતિ સૂક્ષ્મ છે. અનેક તારિકાઓને ભેળી કરવાથીયે સૂર્ય સમાન પ્રકાશ મેળવી શકાતો નથી. વીજળીનો પ્રકાશ ક્ષણિક છે. તેનું સ્વરૂપ છે, આવ્યું—આવ્યું અને ગયું! જ્યારે સૂર્યનો પ્રકાશ અખંડ છે, વ્યાપક છે અને સ્વયંભૂ છે. તે જીવનદાયક છે, સર્વ જીવનનો આધાર છે.

વળી, સૂર્યમાં ઉષ્ણતા, ગતિ અને પ્રકાશ, ત્રણેય છે. આમ તો આ ત્રણ તત્ત્વો સ્વતંત્ર છે, એકબીજાથી ભિન્ન છે. પરંતુ જ્યારે તે ત્રણેય સૂર્યનાં કિરણોમાં એકત્રિત થાય છે, ત્યારે તેમનું પૃથક્કરણ કરવું અશક્ય થઇ પડે છે. સૂર્યકિરણની ગતિ કહેતાં

જ તેમાં પ્રકાશ ને ઉષ્ણતાની કલ્પના આવી જાય છે. પાણીની ગતિમાં કદાચ ઉષ્ણતાની કલ્પના નહીં આવે અથવા બળદની ગતિમાં પ્રકાશની કલ્પના નહીં આવે. પરંતુ સૂર્ય–કિરણની ગતિમાં બેઉની કલ્પના આવી જાય છે.

આવાં આ સૂર્ય–કિરણો દુનિયામાં ફેલાય છે, તો તેનાથી અનેક પ્રકારના લાભો થાય છે. વાંચવું હોય તે વાંચી શકે છે, ખેતરમાં કામ કરવું હોય તે કામ કરી શકે છે, બાળકો રમી શકે છે, ગૃહિણી ઘરકામ કરી શકે છે. આનું વર્ણન તો કોઈ કવિ જ કરી શકે. સૂર્ય–કિરણો ફેલાવાથી આખી સૃષ્ટિમાં નવું ચેતન આવી જાય છે. સૂર્યનાં કિરણો સર્વોદય–કિરણો છે, તે સર્વનો ઉદય કરે છે. સહુને કામમાં આવે છે. તેમાં સહુનું મંગળ જ મંગળ છે. તે સર્વતોભદ્ર છે. અનેકવિધ રીતે તે સહુને માટે કલ્યાણમય છે.

સૂર્ય કેવળ પ્રકાશ જ નથી આપતો, પણ સ્ફૂર્તિ ને પ્રાણ આપે છે તથા આપણને કાળનુંયે ભાન કરાવે છે. સૂર્યને કારણે જ દિવસ, રાત, ઋતુ, વર્ષ વગેરે ઊભાં થાય છે. સૂર્યનાં કિરણો દ્વારા બાષ્પીભવનનું જે ચક્ર નિરંતર ચાલે છે, તે આ વિરાટ પુરુષનો અખંડ ચાલતો એક યજ્ઞ જ છે. એ જ પર્જન્યનું કારણ બને છે. 'યજ્ઞથી પર્જન્ય' – એ સમજવું જરા અઘરું છે. પણ વિજ્ઞાન આપણને તે સમજાવે છે.સૂર્ય–કિરણો સમુદ્ર–નદી વગેરેનાં પાણીનું શોષણ કરે છે. તે બાષ્પીભવનથી વાદળાં બંધાય છે અને વરસાદ આવે છે. અન્ન તેનાથી જ તો પાકે છે. દુનિયામાં જેટલું અન્ન પેદા થાય છે, તેમાં ૮૦ ટકા હિસ્સો સૂર્યનાં કિરણોનો છે અને ૨૦ ટકા હિસ્સો ભૂમિ, ખેડૂત અને ખેતીનાં



સાધનોનો છે. ભૂમિની ઉર્વરાશક્તિ સૂર્યનાં કિરણોમાંથી જ પ્રાપ્ત થાય છે. સૂર્ય પરમ યાજ્ઞિક છે, તેનો આ મહાન યજ્ઞ અખંડ ને અવિરત ચાલુ છે.

### નિરાકાર પરમાત્મા જ સાકાર સ્વરૂપે સર્વત્ર વ્યાપેલો છે

ટૂંકમાં, સૂર્ય જેવું સ્ફૂર્તિદાયક મંદિર, આશ્રમ કે કાબા બીજું કોઈ આપણને જોવા મળતું નથી. તે મોટું ને મહાન સ્ફૂર્તિનું સ્થાન છે, જીવનનો સ્રોત છે. તેથી તેને ઈશ્વરનું એક પ્રતીક માનીને તેની ઉપાસના કરવામાં આવે, તે સારું જ છે. જે પરમાત્મા અવ્યક્ત રૂપે સર્વત્ર વ્યાપેલો છે, એ જ વ્યક્ત રૂપે, જગત્ રૂપે પ્રગટ થયેલો છે. વ્યક્તને કારણે અવ્યક્ત ઢંકાઈ નથી જતું, છુપાઈ નથી જતું. માણસ પોતાના શરીર ઉપર કપડાં પહેરે છે, તેનાથી તેનું મૂળ મનુષ્યપણું ઢંકાઈ નથી જતું, ખતમ નથી થઈ જતું. ઊલટું, પોષાક પહેરવાને કારણે તેનું મનુષ્યપણું વિશેષ રૂપે ખીલી ઊઠે છે. એવી જ રીતે વ્યક્ત દ્વારા અવ્યક્ત વિશેષ રૂપે ખીલે છે, પ્રગટ થાય છે, છુપાઈ જતું કે ઢંકાઈ જતું નથી. જે પરમાત્મા અવ્યક્ત રૂપે સર્વત્ર વ્યાપેલો છે, તે જ વ્યક્ત રૂપે પ્રગટ પણ થયેલો છે. માટે પ્રત્યેક વ્યક્ત વસ્તુની તેને પરમાત્માનું પ્રતીક માનીને પૂજા થઈ શકે છે. પ્રત્યેક વસ્તુમાં પરમાત્મા પ્રગટ થાય છે.

### ઉપાસના કરવાની છે, તે અંતર્યામી સૂર્યનારાયણની

ખરું જોતાં, સૂર્યનું દર્શન કરવાનું છે, ત્યારે મૂળમાં તો સૂર્યની અંદર જે નારાયણ છે, અંતર્યામી છે, તેનું દર્શન કરવાનું છે. સૂર્યની જે ઉપાસના કરવાની છે, તે અંતર્યામી સૂર્યનારાયણની ઉપાસના કરવાની છે. મારી દૃષ્ટિએ સૂર્ય કેવળ

તેજો ધાતુ નથી. જેમ આપણો સ્થૂળ દેહ જડ છે, પણ તેમાં એક અંતર્યામી છે, તેમ તેજોધાતુ એ સૂર્યનો સ્થૂળ દેહ છે અને તે જડ છે, પણ સૂર્યમાં એક અંતર્યામી પણ છે.

આવ આ અંતર્યામી સૂર્યનારાયણની ઉપાસના કરવાની છે. દેહરૂપી સુંદર રથ બન્યો છે, જેને ઇન્દ્રિયો રૂપી ઘોડા જોડ્યા છે અને બુદ્ધિ રૂપી લગામ એમને ખેંચી રહી છે. તેમાં અંતર્યામી સૂર્યનારાયણ વિરાજમાન છે. તે સૂર્યનારાયણનાં અનેક કિરણો અનેક રીતે પ્રગટ થાય છે, જેને લીધે જ્ઞાનની અનેક શાખાઓ પ્રગટ થઇ છે. આપણા વિચારોમાંયે સૂર્ય–કિરણોનો પ્રવેશ થાય છે અને તે પરિપુષ્ટ વિચારોથી આપણે આપણા ચિત્તને પૂર્ણ કરીએ છીએ.

આમ, વાસ્તવમાં ઉપાસના કરવાની છે તે અંતર્યામીની કરવાની છે. સૂર્યને નિમિત્ત બનાવીને જે સૂર્યનો અંતર્યામી છે અને તમારો–અમારો પણ અંતર્યામી છે, તેની ઉપાસના કરવાની છે. મુંડકોપનિષદમાં એક મંત્ર છે કે હૃદયમાં જે આત્મા છે, તે પણ સૂર્ય છે અને આ જે સૂર્ય છે, તે પણ આત્મા છે. એક બાજુ સૂર્યપ્રતીક અને બીજી બાજુ આત્મ–પ્રતીક. આવી સૂર્યોપાસના આપણા પૂર્વજો કરતા હતા. જેમ બહાર સૂર્ય–જ્યોતિ છે, તેમ અંદર સત્ય–જ્યોતિ છે. તે બંને જ્યોતિની ઉપાસના તેઓ કરતા. જો આવી ભૂમિકાથી સૂર્યોપાસના કરીએ છીએ તો સત્યનું દર્શન થાય છએ. સૂર્યોપાસના સત્ય–દર્શન માટે છે.

✸



### રોમથી લંડન અને યુ.એસ.એ.

# પૂ.માની વિદેશ યાત્રા

**–મા સર્વેશ્વરી**

**તા.૧૧/૦૭/૨૦૧૧**

હા, ૨૪ કલાકમાં ત્રણ–ત્રણ દેશની ધરતી ઉપર પગલાં પાડીશું. રોમ (ઇટાલી), લંડન (યુ.કે.) નોર્થ બરગન (અમેરિકા).

શ્રી હરિ પોતાની ધારેલી સફળ યોજના મા માટે ઘડી રહ્યા છે.

રોમથી સવારે નીકળી બે કલાકમાં લંડન ને લંડનથી પાછા અમેરીકાની ધરતી ઉપર.

સર્વત્ર સતત રક્ષા થઇ. અરે, લંડનથી અમેરીકા આવતાં શ્રી સરોજબેન તથા ક્ષીપ્રા, ગીતાની સહાયથી ૩ સીટ મળી ગઇ. એ બધાં જ્યાં જ્યાં ખાલી હતી ત્યાં ત્યાં બેઠાં. પરિણામે, મા ને શ્રી હરિએ પૂર્ણ વિશ્રામ કરાવતા કરાવતા અમેરીકાની ધરતી ઉપર ઉતાર્યાં.

આ બધી સુવિધા શ્રી હરિ કેવી રીતે કરે છે તે વિશેષ નોંધવા જેવું છે.

અમારા સૌની સીટ સાથે જ. એક ગુજરાતી ભાઇબેન વિદ્યાર્થી તરીકે યાત્રા કરી રહ્યાં હતાં, તેમને પૂછ્યું, 'તમારે વીન્ડો સીટ જોઇએ છે?' હા, તો તે બે બાળકો મા અને ક્ષીપ્રાની સીટ ઉપર ખસી ગયાં. અને એ સીટની આગવ ૨ સીટ ખાલી હતી. કોણે એ સીટ ખાલી કરાવી?

ખરેખર તો તે બે ખાલી સીટ ઉપર વૃદ્ધ દંપતિ બેઠાં હતાં.

પણ તેને ત્યાંથી ઉઠાડીને આગળના વિભાગમાં એર હોસ્ટેસ લઇ ગયાં. શા માટે તેમને આગળ લઇ ગયાં? શું એ હરિની યોજના હતી? કોણે આ બાળકોને પણ આપણી મંડળી સાથે પાસે જ સીટ અપાવી?

આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તર માત્ર પ્રભુ પાસે છે.

લગભગ દરેક યાત્રામાં માની આસપાસ જ ખાલી સીટ મળી જાય છે. ઘણીવાર તો આખું પ્લેન ફુલ હોય ને બાજુમાંજ સીટ ખાલી મળે છે.

આ ખાલી સીટની સઘળી બાજી શ્રી હરિની જ લાગે છે. આ બધી સુવિધા પાછળ એક સત્ય વરસોથી ઉઘાડી આંખે સૌ માણી રહ્યા છે કે આ સુવિધા સાચે જ ચમત્કાર જેવી જ લાગે.

માને એવું લાગે છે કે શ્રી હરિને મા પ્રિય હશે છે. તો જ તેઓ અદશ્ય રીતે, અલૌકિક રીતે આવી સુવિધાં કરતા રહ્યા છે.

હજાર હાથ ને હજાર આંખવાળા શ્રી હરિ સર્વત્ર માની રક્ષા કરતા માને સર્વ સુવિધા ધરતા ઉભા છે. એવી પ્રતીતિ માને તો થાય જ છે, પણ સાથે જે જે યાત્રા કરે તે તે સૌને પણ થતી રહે છે.

પૂર્ણ વિશ્રામ સાથે અમેરીકાની ધરતી ઉપર બીજી વાર પગ મૂકાયો છે.

ઈમીગ્રેશનમાં ઘણા પ્રશ્નો પૂછશે એવું ધારેલું, પણ માત્ર બે જ પ્રશ્નો પૂછ્યા.

(૧) ક્યારે છેલ્લે આવેલાં?

૧૩ જૂન, ૨૦૧૧

(૨) કેટલું રહેવાનાં છો?

૬ ડીસેમ્બર, ૨૦૧૧



બસ, માત્ર બે જ પ્રશ્નો પૂછાયા. ને તે દરમ્યાન ઓફિસરે આખા પાસપોર્ટનાં પૃષ્ઠો ઉપર નજર નાંખી લીધી.

ઓફિસરને સમજાયું હશે ક આતો ક્યાંયે કાયમ રહેતાં નથી, તો પછી ભલે, આ દેશમાં પણ થોડું રહે.

અને મૌન રહીને ઓફિસરે સિક્કો માર્યો.

૧૧ જાન્યુ. ૨૦૧૨ સુધી રહી શકાશે.

માંગ્યું હતું ડીસેમ્બરની છ તારીખ કારણ ભારત જવાની ટિકિટ એ તારીખની છે. પણ અમેરીકાના આ ઓફિસર ખુશ થઇને ૧૧ જાન્યુ. ૨૦૧૨ નો સિક્કો લગાવે છે.

આ સિક્કા પાછળ પણ શ્રી હરિની જ યોજના, કૃપા છે એવું મા માને છે.

પ્રત્યેક પગલે પરબ્રહ્મ પરમાત્મા પડખે રહીને કેવા ફૂલની જેમ સંભાળે છે તે આ બધાં સત્યો સૌને સમજાવી રહ્યા છે.

સ્વીત્ઝર્લેન્ડ, ઇટલીની ધરતી ઉપર જે જે વિશેષતા હતી તે તે શ્રી હરિએ જાણે આંગળી પકડીને હળવે હળવે ચલાવીને, સતત પદયાત્રા કરાવી કરાવીને બતાવી દીધી.

જીંદગીમાં ના ચાલ્યાં હોય એટલું ૧૫ દિવસમાં સૌ ચાલ્યા, ચઢ્યા, ઉતર્યા છતાં કોઇનો વાંકો વાળ ના થવા દીધો. સૌને આટલું બધું ચાલવાનો રોજનો અભ્યાસ તો ક્યાંથી હોય? છતાં સૌ ચાલ્યા.

અને વિશેષ તો એ નોંધવાનું છે કે કોઇ ના થાક્યા. ના કોઇ માંદા પડ્યા. ના કોઇ ખોવાયા. અરે, ના કોઇ રીસાયા.

યાત્રાની આ સર્વ સફળતા પાછળ શ્રી હરિના હેતભર્યા, હૂંફાળા હાથ ફરી રહ્યા છે, એ સત્ય સૌને સમજાયું છે.

અમેરીકાની ધરતી ઉપર સૌને સુરક્ષિત ઉતાર્યા. લાગે છે જે ધરતી ઉપર જેટલી ને જેવી અનુકૂળતા કે લેણદેણ તેટલું ને તેવું શ્રી હરિ ઉતારે છે, ફેરવે છે, સાચવે છે, સંભાળે છે. અરે, પ્રસન્નતાથી છલોછલ કરી દે છે.

એવા પરબ્રહ્મ પરમાત્માના આ અદશ્ય સ્વરૂપને માણતાં માણતાં મા તો જાણે સતત વંદન કરતાં રહે છે.

શ્રી હરિ ધારે તેને પ્લેનમાં સીટ ઉપરથી ઉઠાડીને આગળ લઈ જાય, ધારે તેને અનુકૂળ કરી દે. ધારે ત્યાં જ તેવી ને તેટલી સીટ ખાલી જ રાખે.

શ્રી હરિની કૃપાની આ કથા દિવસો સુધી લખતા રહીએ તો પણ પાર ના આવે. પ્રત્યેક પળે વિવિધ કૃપા. જાણે કૃપાથી છલોછલ આ જીવન પ્યાલો.

હે મારા પ્રભુ, પૃથ્વી પટે આપે માને પસંદ કરીને પધરાવ્યાં, લાગે છે. માત્ર માને નિમિત્ત કરીને, માના માધ્યમ દ્વારા આપજ આપની સર્વ શક્તિ, સર્વ કૃપા, સર્વ આશીર્વાદના થાળ કેવા હોય તેનું અદ્‌ભૂત, અલૌકિક દર્શન સૌને ઉઘાડી આંખે કરાવી રહ્યા છો.

જોઈ લો આ જીવન સૌની વચ્ચે જીવાઈ રહ્યું છે. એને જોતાં જોતાં, એની વિશેષતાને નોંધતા નોંધતા, શ્રદ્ધાભક્તિ વધારતાં વધારતાં, આપણે પણ ઉપર ઉઠવાનું છે, એવું કંઈક શ્રી હરિ સૌને શીખવી રહ્યા છે.

જે હોય તે, પણ અહીં તો અખંડ કૃપા, અખંડ રક્ષા , અખંડ આશીર્વાદ, અખંડ શક્તિ, સ્ફૂર્તિ, વસી રહ્યાં છે.

હે મારા નાથ! પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)



# પ્રાર્થના શા માટે કરવી જોઈએ?

–જ્યોતિબેન થાનકી

ભગવાને કર્મનો કાયદો રચીને બધાંને એના આધારે અહંકારને આધીન મનુષ્યોને છોડી દીધા છે. એમાં તેઓ જ્યાં સુધી તેમને ઉત્કટ ભાવે પોકારવામાં ન આવે ત્યાં સુધી દખલ કરતા જ નથી. આથી એમને વારંવાર બોલાવવા પડે છે. જેમ કોઈ મોટા અધિકારી પાસે કામ કરાવવું હોય તો અનેક ધક્કા ખાવા પડે, તેમને વારંવાર યાદ કરાવવું પડે, વિનંતી કરવી પડે. જ્યારે આ તો સૃષ્ટિનો સ્વામી છે. જ્યાં સુધી તેમનો જવાબ ન મળે ત્યાં સુધી એમને વારંવાર પોકારવા પડે. જેઓ તીવ્રભાવે ખૂબ જ વ્યાકૂળતાપૂર્વક એમને પોકારે છે, તેમને તેઓ અચૂક પ્રત્યુત્તર આપે જ છે, એનાં અનેક દૃષ્ટાંતો સંતો, મહંતો, ભક્તોના જીવનમાં જોવા મળે છે. અરે, આપણા સહુના જીવનમાં પણ ક્યારેક, ખાસ કરીને અસહ્ય દુઃખ કે કટોકટીની વેળાએ, હૃદયમાંથી આર્તનાદ ઊઠ્યો હોય ત્યારે પરમાત્મા તરફથી પ્રત્યુત્તર મળ્યો હોય એવા અનુભવો પણ થયેલા જોવા મળે છે પણ એ કટોકટીની વેળાએ, દુઃખમાંથી છૂટકારો મેળવવા કરેલી ઉત્કટ પ્રાર્થના સામાન્ય સંજોગોમાં પણ થતી રહે તો તો સમગ્ર જીવનમાં એમની દિવ્યચેતના વ્યાપી રહે છે.

પરંતુ આપણે સ્વાર્થી છીએ, આપણે દુઃખમાં હોઈએ ત્યારે પ્રાર્થના કરીએ, પછી દુઃખ દૂર થાય એટલે ભૂલી જઈએ—આવાં મનોવલણને પરિણામે ભગવાન પ્રત્યેની અભિમુખતા સતત

ટકતી નથી અને પરિણામે આપણા જીવનમાં વારંવાર દુઃખો આવતાં રહે છે. એકવાર પણ ભગવાનને નિવેદન કર્યા પછી, એનો પ્રત્યુત્તર મળ્યો તો પછી આપણે વધુ ઉત્કટ પ્રાર્થના કરીએ એની સાથેનો સંબંધ વધુ ને વધુ ગાઢ બનાવવો જોઈએ એટલે પ્રાર્થના સતત ચાલુ રહેવી જોઈએ. એમાં શિથિલતા ચાલતી નથી. એક દિવસ પણ જો તેમાં વિક્ષેપ પડે તો પછી મનમાં શિથિલતા આવી જાય છે. પછી બીજે દિવસે પણ મન એ માટે તૈયાર થતું નથી. આમ ભગવાન સાથેનો જે તંતુ પ્રાર્થના દ્વારા જોડાઈ રહ્યો હોય એ કપાઈ જાય છે, માટે પ્રાર્થના સતત કરવી જોઈએ. જ્યાં સુધી અલગતાનો અનુભવ હોય છે ત્યાં સુધી પ્રાર્થના તીવ્રપણે કરવી જોઈએ. અલગતા ઓગળી જાય પછી તો કોણ કોને પ્રાર્થના કરે?

**મનની શાંતિ મેળવવા પ્રાર્થના જરૂરી છે.**

આજના ભૌતિક યુગમાં મનુષ્યની જરૂરિયાતો વધી ગઈ છે. આથી તેણે ભારે પરિશ્રમ કરવો પડે છે. તેના પરિણામે શરીર અને મનની સ્વસ્થતા મનુષ્યે ગુમાવી દીધી છે. ચીડિયો સ્વભાવ, રોગિષ્ટ અને દુર્બળ શરીર, અશાંત મન અને અસલામત જીવન એ આજના મોટા ભાગના મનુષ્યનાં લક્ષણ બની ગયાં છે. આ સ્થિતિમાંથી મુક્ત કરી શકે એવી કોઈ જો દિવ્ય ઔષધિ હોય તો તે પ્રાર્થના છે. ભારે તનાવમાં પણ મનુષ્ય જો બધું જ બાજુએ મૂકીને મનને થોડીવાર ચૂપ કરીને પણ પ્રાર્થના કરે તો તેને શાંતિનો અનુભવ થાય છે અને પછી એ શાંતિમાં બધી જ સમસ્યાઓનો ઉકેલ મળી જાય છે.



**મનને મજબુત બનાવવા માટે પ્રાર્થના જરૂરી છે.**

મન થાકી ગયું હોય, હારી ગયું હોય, નિરાશ થઈ ગયું હોય તો તેને ફરીથી સ્ફૂર્તિવાળું અને સશક્ત બનાવવા પ્રાર્થના જેવો અસરકારક ઉપાય બીજો એકેય નથી. ગાંધીજી પ્રાર્થનાને મનનો ખોરાક કહે છે. શરીરને જો સાત્વિક આહાર ન આપવામાં આવે તો જેમ શરીર દુર્બળ થઈ જાય છે, એમ મનને પણ જો સાત્વિક આહાર ન આપવામાં આવે તો તે પણ દુર્બળ થઈ જાય છે. આવું અશક્ત મન મુશ્કેલીઓ સહી શકતું નથી. જલ્દીથી ભાંગી પડે છે. મનનો સાત્વિક આહાર એ પ્રાર્થના છે. ઘણાં મનુષ્યો મન થાકી ગયું હોય, ઉદાસ હોય ત્યારે મનને તાજું કરવા માટે— મનોરંજનનાં સાધનો અને કેફી દ્રવ્યોનો આશરો લઈને પોતાનું દુઃખ ભૂલવા મનને અવાસ્વિક દુનિયામાં ઘસડી જાય છે. આથી થોડા કલાકો માટે જાણે મનમાં અપાર શક્તિ આવી ગઈ હોય તેવો અનુભવ કરે છે પણ જ્યારે નશો ઉતરી જાય છે. રંગારંગ કાર્યક્રમો સમાપ્ત થઈ જાય છે પછી વાસ્તવિક જીવનમાં મનની બધી જ શક્તિ જાણે હરાઈ ગઈ હોય અને શરીર સાવ ભાંગી ગયું હોય એવો અનુભવ થાય છે. આ કેફી દ્રવ્યો, સસ્તું મનોરંજન મનને એવું તો નીચે લઈ જાય છે અને એકવાર પડવાની શરૂઆત થઈ એટલે પછી મનની ગતિ સ્વાભાવિકપણે જ નીચે અને નીચે થતી રહે છે. હંમેશાં નીચે જવું કે પડવું સહેલું છે, ઉપર જવું કે ચઢવું અઘરું છે, પણ એકવાર ઉપર ચઢવાની શરૂઆત કરી એટલે ગતિ ઉપર તરફની થતાં એ ગતિ પ્રગતિ બની જાય છે અને હમેશાં ઊંચે જવામાં આનંદ જ રહેલો

છે. મુશ્કેલી પડે તો પણ તેમાં પ્રગતિનો આનંદ રહેલો છે. પ્રાર્થના એ ઉપર જવા માટે શક્તિ પૂરી પાડનાર ચાલક બળ છે.

**આંતરિક મુશ્કેલીઓને દૂર કરવા પ્રાર્થના જરૂરી છે.**

મનુષ્યને માત્ર બહારની જ મુશ્કેલીઓનો સામનો કરવાનો હોતો નથી પણ બહારની મુશ્કેલીઓ કરતાં ય વધારે બળવાન એવી આંતરિક મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય છે. આ મુશ્કેલીઓ સ્વપ્રયત્ને મનુષ્ય સહેલાઇથી દૂર કરી શકતો નથી. દા.ત. લોભ, ક્રોધ, મોહ, આસક્તિ, રાગ, દ્વેષ ઈર્ષા વગેરે મનુષ્યને ભગવાનથી દૂર રાખનારા, માનવજીવનને કલુષિત કરી દેનારા આ આંતરિક શત્રુઓની તાકાત પ્રાર્થનાના શક્તિશાળી અસ્ત્રથી હણાઇ જાય છે. સાવ સામાન્ય મનુષ્ય પણ જો સાચા દિલથી ભગવાનને આ શત્રુઓની પકડમાંથી મુક્ત કરવા માટે પ્રાર્થના કરે તો ધીમે ધીમે તે આ શત્રુઓની ચૂડમાંથી મુક્ત થઇ જાય છે. ભગવાન તેને પછી ઊંચે ઊઠાવી લે છે. ચેતનાના ઊંચા સ્તરે આ બધા શત્રુઓની કારી ફાવતી નથી. સ્વભાવગત મર્યાદાઓમાંથી મુક્ત થવા માટે પ્રાર્થના આવશ્યક છે.

**માંદગીને દૂર કરવા માટે પ્રાર્થના કરવી જરૂરી છે.**

મનની દુર્બળતા અને મનના રોગો તો પ્રાર્થનાથી દૂર થઇ શકે છે. પણ શરીરના રોગો યે પ્રાર્થનાથી દૂર થાય છે. હવે તો ડૉક્ટરો અને વૈજ્ઞાનિકોએ પણ રોગનિવારણ માટે પ્રાર્થનાની શક્તિનો સ્વીકાર કર્યો છે. અમેરિકામાં ૫૦થી પણ વધારે મેડિકલ કૉલેજોના અભ્યાસક્રમમાં પ્રાર્થનાને મહત્ત્વ આપવામાં



આવ્યું છે. કોલંબિયા યુનિવર્સિટીના પીઢ સર્જન ડૉક્ટર મેથ્યુસે પ્રાર્થનાની શક્તિ વિષે પુસ્તક લખ્યું છે. તેમાં પ્રાર્થનાની દર્દીઓ ઉપર થતી અસરોના પોતે કરેલા પ્રયોગો વિષે જણાવ્યું છે. એમના પ્રયોગમાં એક વોર્ડમાં દર્દીઓનાં પલંગ પાસે દરરોજ પ્રાર્થના કરવામાં આવતી હતી જ્યારે બીજા વોર્ડમાં આવી કોઇ પ્રાર્થના થતી નહોતી. પરિણામ એ આવ્યું કે જે વોર્ડમાં પ્રાર્થના થતી હતી એ વોર્ડનાં દર્દીઓ ઝડપથી સાજા થઇ ગયાં જ્યારે બીજા વોર્ડમાં આવી કોઇ પ્રાર્થના થતી નહોતી ત્યાં દર્દીઓને સાજા થતાં ઘણો લાંબો સમય લાગ્યો. પ્રાર્થનાની શક્તિ વિષે ડૉ. સીમેન્સનો અનુભવ પણ વર્ણવેલો છે. આ ડૉક્ટર સીમેન્સને પેનક્રિયાસનું કેન્સર થયું હતું. તેઓ આ રોગની ભયાનકતાથી જાણકાર હતા. તેમને હૉસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા. એમના પત્નીએ એમની રજા મેળવવા પૂછ્યું કે હું ને મારા મિત્રો તારા પલંગની આસપાસ ઊભા રહીને દરરોજ પ્રાર્થના કરીએ તો તને વાંધો નથી ને? ‘‘તેણે કહ્યું : ‘‘આ રોગ વિષે હું જાણું છું કે તમારી પ્રાર્થનાથી કંઇ વળવાનું નથી. પણ જો કોઇ પણ બહાને મને હસવા મળતું હોય તો તારું આ ફારસ હું માણીશ.’’ અને એના પત્ની અને મિત્રોએ પ્રાર્થના શરૂ કરી. પાંચેક દિવસ બાદ એ પણ જાણે—અજાણે પ્રાર્થનામાં જોડાઇ ગયો અને પછી તો તેને પ્રાર્થનામાં આનંદ આવવા લાગ્યો. પ્રાર્થનાથી દુઃખ ભૂલાવા લાગ્યું એટલે એ એના પત્ની ને મિત્રો પ્રાર્થના ન કરતાં હોય ત્યારે પણ પ્રાર્થના કરવા લાગ્યો. ૫૩ વર્ષનો એ ડૉક્ટર આજે કહે છે કે આ મારો જાત અનુભવ છે, પ્રાર્થનાએ સારવારના

પૂરક તરીકે કામ કર્યું તબીબી ભાષામાં અત્યંત ગંભીર કહી શકાય તેવી સર્જરી મારા પર થઇ હોવા છતાં આજે હું મોજથી જીવી રહ્યો છું.'' આમ પ્રાર્થનાને પરિણામે જટિલ અને ગંભીર રોગોમાંથી પણ મુક્તિ મળે છે. હરિઃઓમ આશ્રમના પૂજ્ય શ્રી મોટાને ફેફરાનું દર્દ થયેલું, એ એમણે ભગવાનના નામના જપ અને પ્રાર્થનાથી મટાડ્યું હતું.

અમારા એક સંબંધીને સાઠ વર્ષ પહેલાં ટી.બી.નો અસાધ્ય રોગ થયેલો. તેઓ ટી.બી.ના ત્રીજા તબક્કામાં હતા. ત્યારે ટી.બી અસાધ્ય રોગ હતો મિરજની ક્ષયની હૉસ્પિટલમાં ત્રણ મહિના રહ્યા હતા. ડૉક્ટરોએ કહી દીધું હતું કે આ દર્દી નહીં બચે. પણ કોઇ સાધુના કહેવાથી રાત–દિવસ પ્રાર્થના કરવા લાગ્યા અને ડૉક્ટરોના આશ્ચર્ય વચ્ચે સાજા થવા લાગ્યા. આજે સિત્તોતેર વર્ષની ઉંમરે હજુ ય કાર્યરત છે. પણ પોતાના જીવનમાં એમણે પ્રાર્થના અને ધ્યાનને સર્વોચ્ચ અગ્રીમતા આપેલી છે. જ્યાં ડૉક્ટરોની કારી ફાવતી નથી, ત્યાં પ્રાર્થનાની ઔષધિ ચમત્કારિક પરિણામ આપે છે.

સાચી વાત ધડ દઇને કહી દેનારા તો કોઇ વાર મળી આવે પણ એ કડવી વાત સાંભળીને એ ''પોતાનું હીત માટે કહે છે'' એમ સમજીને, સહન કરી લેનાર અને એ કથનમાંથી સાર ગ્રહણ કરી પોતાનું વર્તન સુધારી ઉન્નતિ સાધનાર કોઇક જ હોય છે.



# ભગવાન પર ગુસ્સો

–ડૉ. આઇ. કે. વિજળીવાળા

આખા દિવસની થકવી નાખતી દોડધામ અને પારાવાર કંટાળા સાથે એક માણસ પોતાના ઘરે પાછો આવ્યો. એને લાગતું હતું કે એ દિવસ જ જાણે એના માટે ખરાબ ઊગ્યો હતો. સવારથી કાંઇક ને કાંઇક વિઘ્ન એને નડતું જ રહ્યું હતું. માથું ભારે થઇ ગયું હતું. પગ પણ દુઃખી ગયા હતા.

ઘરે આવીને એ ખુરશીમાં પડ્યો. થોડીવાર પછી દુઃખતા પગને આરામ આપવા એણે ફૂટ–મસાજર નામનું મશીન કાઢ્યું. પગને મસાજ કરવાથી આરામ મળશે એમ માનીને એણે એ શરૂ કર્યું. પરંતુ એ દિવસે જાણે કઠણાઇ દરેક પગલે એની સાથે જ ચાલવાની હોય એમ એ મશીન શરૂ ન થયું. એ માણસ ઘણું મથ્યો, પરંતુ મશીન તો જાણે ન ચાલવાના સોગંદ લઇને બેઠું હોય એમ ન ઊપડ્યું એટલે ન જ ઊપડ્યું.

કંટાળીને એ માણસે મશીનને પડતું મૂક્યું. પછી આકાશ સામે જોઇને ફરિયાદના સ્વરે કહ્યું, 'વાહ! ભગવાન! આજે મને હેરાન કરવાનું તેં નક્કી જ કરી નાખ્યું લાગે છે, ખરું ને! આજે મારું એક પણ કામ તેં સરખું નથી થવા દીધું. ડગલે ને પગલે આજે તો તેં બસ, તકલીફો જ આપી છે.' પછી વ્યંગ કરતાં બોલ્યો, 'આટલું બધું હેરાન કરવા માટે જ અમે તને દયાળુ કહેતા હોઇશું, બરાબરને!' આટલું કહીને એ ખુરશીમાં લાંબો થયો. આખા દિવસની હાડમારી તેમજ થાકથી એની આંખ ક્યારે મળી ગઇ એની એને ખબર જ ન રહી.

અચાનક એણે જોયું કે ભગવાન ખુદ એની સામે ઊભા

હતા. એમનું સ્વરૂપ અદ્‌ભુત હતું. દિવ્ય ચહેરો, અપ્રતિમ સૌંદર્ય તેમજ મંદ–મંદ હાસ્ય! એ પોતાની જગ્યાએથી ઊભો થઇ ગયો. એનાથી હાથ જોડાઇ ગયા. એણે આદત મુજબ હાથ તો જોડ્યા, પરંતુ આખા દિવસની હાડમારીનો ગુસ્સો હજુ એના મનમાંથી નહોતો ઊતર્યો. પોતાનો ગુસ્સો દબાવવાના પ્રયત્નો નિષ્ફળ નીવડતાં એણે ભગવાનને ચિડાયેલા અવાજે જ પૂછી નાખ્યું, 'ભગવાન! હું તમને બે–ચાર સવાલ પૂછવા માંગું છું, તમને વાંધો ન હોય તો પૂછી શકું?'

ભગવાન એમ જ મંદ મંદ હસતા બોલ્યા, 'ચોક્કસ દીકરા! તારે પૂછવા હોય એટલા સવાલો તું પૂછી શકે છે!'

'પણ પ્રભુ! મને વચન આપો કે તમે ખિજાશો નહીં તો જ પૂછું!'

'હા ભાઇ! હા! વચન આપું છું બસ! નહીં ખિજાઉં.' એકદમ માયાળુ અવાજે ભગવાને કહ્યું.

'તમે મને આજે આખો દિવસ આટલી બધી તકલીફો કેમ આપી?' પેલા માણસે પૂછી જ નાખ્યું.

'કંઇ તકલીફો? તું મને જરા વિગતે જણાવીશ તો હું કંઇક જવાબ આપી શકીશ!' ભગવાને એવા જ માયાળુ અવાજે કહ્યું.

'જુઓ પ્રભુ!' પેલાએ વિગતથી બધી ફરિયાદ કરવાનું શરૂ કર્યું, 'મેં એલાર્મ મૂકેલો છતાં આજે હું ખૂબ જ મોડો ઊઠ્યો. એલાર્મ વાગ્યા પછી એને બંધ કરીને હું ક્યારેય સૂતો નથી, પરંતુ આજે એલાર્મ બંધ કરીને હું પાછો સૂઇ ગયો. એના કારણે ઊઠવામાં મોડું થઇ ગયું. આજે જે આવું કેમ થયું એની મને સમજણ નથી પડતી. ઝડપથી તૈયાર થઇને નીકળ્યો તો ખરો પણ મારી કાર બગડી! કોઇ વાતે એ સ્ટાર્ટ જ નહોતી થતી. કાર



વગર તો હું મારા કામ પર પહોંચી શકું એમ છું જ નહીં, અને હું જ્યાં રહું છું ત્યાં કોઇ પણ પ્રકારનાં પબ્લિક ટ્રાન્સપોર્ટની સગવડ જ નથી. એટલે ન છૂટકે મારે પોતાને બોનેટ ખોલીને કારને સમી કરવી પડી. પૂરી ચાલીસ મિનિટ પછી મારી કાર સ્ટાર્ટ થઇ. એ પછી ઑફિસે પણ એવું જ થયું.' એ માણસે ઑફિસની વાત યાદ કરતાં કહ્યું. વાત કરતી વખતે એની નારાજગી હજુ એમ જ વ્યક્ત થઇ રહી હતી.

'બપોરે જમતી વખતે વેઇટરે મારી રોજની થાળીને બદલે બીજી થાળી આપી દીધી અને એ પણ એક કલાક મોડી. મેં એ થાળીની ના પાડી અને મારી રોજની ફિક્સ થાળી જ માંગી તો એણે કહ્યું કે મારી થાળી એના હાથમાંથી પડી ગઇ હતી. એણે માફી પણ માંગી, પરંતુ મારે તો એક કલાક વાટ જોવી જ પડી અને ખાવાનું ભાવ્યું નહીં એ નફામાં! એ પછી સાંજે પાછા ફરતી વખતે મારો સેલફોન બંધ થઇ ગયો. એના કારણે મારાં બે–ચાર અગત્યનાં કામ અટકી પડ્યાં. એના લીધે મને આવતી કાલે થોડી વધારે તકલીફ પડવાની. અને છેલ્લે હમણાં જ મારું થાક દૂર કરી આપતું ફૂટમસાજર પણ બગડી ગયું. હવે બોલો પ્રભુ! આમ સવારથી લઇને સાંજ સુધી મને હેરાન કરવામાં તમને શું મળ્યું? હું પૂછી શકું કે તમે મને આટલો દુઃખી શું કામ કર્યો? આમ તો તમને કોઇ આવો સવાલ કરી શકે નહીં. પરંતુ જ્યારે તમે મને છૂટ આપી જ છે તો પૂછું છું કે આ બધા પાછળ તમારું શું પ્રયોજન હતું એ કહેશો?'

ભગવાન હસી પડ્યા પછી એકદમ મૃદુ અવાજમાં બોલ્યા, 'દીકરા! આજે સવારે મૃત્યુનો ફરિશ્તો તારા ખાટલા પાસે પહોંચી ગયો હતો. તું ઊઠે કે તરત જ તને જોરદાર હાર્ટએટેક

આવે અને એ જ ક્ષણે તને મોત ઉઠાવી લે એવું નક્કી થયેલું હતું. પરંતુ ગઈકાલે સાંજે તેં અનાથાશ્રમના કાર્યક્રમમાં મોટું દાન આપ્યું હતું. એના લીધે ત્યાં રહેતાં બાળકોની ઘણી તકલીફો દૂર થઈ ગઈ. અનાથાશ્રમના સંચાલકે કાલે રાત્રે ત્યાં રહેતાં બાળકો પાસે તારી લાંબી ઉંમર માટે પ્રાર્થના કરાવી હતી. બસ! એ દુવાઓના કારણે મારે તારી જિંદગી લંબાવ્યા વિના છૂટકો જ નહોતો. જો તું એ જ ક્ષણે ઊઠે તો તને હાર્ટએટેક આવી જાય, એવું ન બને એટલા માટે મેં તને સૂવડાવી જ રાખ્યો હતો. એ પછી મારા ખાસ દૂત મૃત્યુના ફરિશ્તાને પાછો બોલાવી લીધો હતો!'

'ઓહ! એમ વાત હતી! પરંતુ મને એની ખબર ક્યાંથી હોય?' આશ્ચર્યચકિત થતાં એ માણસે કહ્યું.

'હવે વાત કરીએ તારી કારની! તો મારા મિત્ર! તારા રોજના રૂટ પર એક દારૂડિયો ડ્રાઈવર ટેન્કર લઈને નીકળ્યો હતો. તું જો વહેલો નીકળ્યો હોત તો તારી કાર જરૂરથી એના ટેન્કર સાથે અથડાઈ જાત. કારણકે એ ખૂબ જ ખરાબ રીતે ચલાવતો હતો. એટલે એ અકસ્માત ટાળવા મારે તારી કાર તેમજ બીજી ઘણી બધી કારને લગભગ ચાલીસેક મિનિટ માટે રોકી રાખવી પડી હતી.'

પેલો માણસ કાંઇ બોલ્યો નહીં, પરંતુ એના મોં પરના ભાવ કહેતા હતા કે એને હવે થોડીક શરમ આવી રહી હતી.

'અને હા!' ભગવાને એવા જ મૃદુ અવાજે આગળ કહ્યું, 'બપોરની રિસેસમાં તને જુદી થાળી મળી શકે એ માટ વેઈટરના હાથમાંથી તારી મૂળ થાળી મારે જ પાડવી પડી હતી. તને કે વેઈટરને ખબર નહોતી પરંતુ એ થાળીમાં ખોરાકી ઝેર ભળી



ગયું હતું. ભૂલથી પણ જો એ ભોજન તારા પેટમાં ગયું હોત તો તું અત્યારે ભયંકર ઝાડા–ઊલટી સાથે કોઈક દવાખાનામાં ભરતી થઈને પડ્યો હોત. હું જાણું છું કે હાલ તને માંદગી પોસાય તેમ નથી અને જોબમાં રજા પાડવી પણ તારા માટે બિલકુલ શક્ય નથી. એટલે વેઈટરના હાથમાંથી તારા મનપસંદ ભોજનની થાળી પાડી દેવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નહોતો!'

સંકોચથી પેલો નીચું જોઈ ગયો. લાગતું હતું કે હવે એને પોતાના વિચારો માટે ખૂબ સંકોચ થઈ રહ્યો હતો.

'આજે સાંજે ઑફિસથી પાછા ફરતી વખતે તારો સેલફોન બંધ થઈ ગયો હતો, બરાબર?' ભગવાને વાત ચાલુ રાખતાં કહ્યું, 'એના કારણે તારાં કેટલાંક અગત્યનાં કામ અટવાઈ ગયાં હતાં બરાબર? પરંતુ તને એ વાતની ખબર તો ક્યાંથી હોય કે બરાબર એ જ વખતે એક એવો માણસ તને ફોન કરવાનો હતો જેનો ઈરાદો તને બ્લેકમેઈલ કરવાનો હતો!'

'શું વાત કરો છો પ્રભુ! ખરેખર?' પેલાથી વચ્ચે બોલાઈ ગયું.

'હા! એ તને એવી વાતમાં ફસાવતા માગતો હતો કે જે વાતચીત તને કાયદાની ચુંગાલમાં ફસાવી શકે તેમ હતી. તારા ફોનને ટેપ કરવાની તૈયારી સાથે એ બેઠો હતો, પણ તારો ફોન બગડી ગયો એટલે એ માણસ એની ચાલમાં નિષ્ફળ ગયો. હવે કાલે વહેલી સવારે એ વિદેશની લાંબી સફરે જતો રહેવાનો છે અને તારો ફોન કાલ સુધી રીપેર થાય તેમ નથી! એટલે તું બહુ જ મોટી જફામાંથી બચી ગયો છે!' ભગવાન એ માણસની આંખોમાં હવે સીધું જ જોઈને બોલ્યા.

એ માણસ ભગવાનની દૃષ્ટિ સહન ન કરી શક્યો. નીચું જોઇ ગયો. એની આંખો ભરાઇ આવી. હવે એને ખબર પડી ગઇ હતી કે એ કેવી કેવી ફરિયાદો કરી રહ્યો હતો!

'અને પેલા તારા ફૂટ મસાજર વિશે વાત કરવાની તો રહી જ ગઇ,' ભગવાને વાતને પૂરી કરવાનું જ નક્કી કર્યું હોય એમ લાગતું હતું, 'તારા ફૂટ મસાજરમાં એક વાયર છૂટો થઇ ગયો છે. હકીકતે એ વાયર બરાબર વચ્ચેથી કપાઇને બાજુના વાયરને અડકી ગયો છે. જો તારું ફૂટ મસાજર શરૂ થયું હોત તો તને શોક લાગત તેમજ તારા આખાય એપાર્ટમેન્ટની લાઇટ જતી રહી હોત. અને જો એવું બની જાત તો તું આજે રાતનું તારું બધું અગત્યનું કામ શી રીતે શકત? તારું કામ તો ઠીક, ચોથા માળે રહેતા પેલા એંસી વરસના દાદાની તબિયત ખરાબ છે એમનું શું થાત? એમનું કૃત્રિમ શ્વાસોશ્વાસનું મશીન બંધ થઇ જાત અને એમની જિંદગી જોખમાઇ જાત. એમને હજુ એક વરસ આ ધરતી પર રહેવાનું છે. જો એમનો શ્વાસ અટકી જાત તો? એટલે તમને બંનેને મદદ કરવા માટે જ મેં તારા ફૂટ મસાજરને બંધ કરી દીધું હતું!'

હવે એ માણસ કાંઇપણ કહી શકે એવી સ્થિતિમાં જ નહોતો રહ્યો. માથું નીચું રાખીને એ એટલું જ બોલી શક્યો કે, 'માફ કરજો પ્રભુ! મને લાગે છે કે તમને સમજવામાં મારી મોટી ભૂલ થઇ ગઇ છે. મને લાગે કે હું ખરેખર એક પામર માનવી જ છું. મારે તમને આવી ફરિયાદો નહોતી કરવી જોઇતી. મને લાગે છે કે અમારી બુદ્ધિ તેમજ તર્ક તમારા ભેદને પામી શકે તેટલાં સતેજ નથી હોતાં, એટલે મને ક્ષમા કરજો ભગવાન!'

'મારા દીકરા!' ભગવાન બોલ્યા, 'ક્યારેય મારા પ્લાન માટે



શંકા ન કરતો. હંમેશાં એ વિશ્વાસ રાખજે કે તારા જીવન માટેનો મારો ઘડેલો પ્લાન તારા બનાવેલા દરેક પ્લાન કરતાં ઘણો વધારે સારો જ હશે!'

એ માણસ નીચું જોઇને હકારમાં માથું હલાવી રહ્યો હતો. એની બંને આંખોમાંથી આંસુની ધાર વહેતી હતી. એને હવે સમજાઇ રહ્યું હતું કે જેને એ આખા દિવસની હાડમારી કહેતો હતો એ હકીકતમાં તો પરમકૃપાળુ પરમાત્માની અપરંપાર કૃપા હતી. એને પારાવાર પસ્તાવો થઇ રહ્યો હતો.

એના મસ્તક પર દિવ્ય તેજ ફેંકીને મંદ મંદ હસી રહેલા ભગવાન પાછા જવા માટે ફર્યા.

એ જ વખતે પેલો માણસ માંડ એટલું બોલી શક્યો કે, 'ભગવાન! તમને એક વાત કહી શકું?'

ભગવાને પાછું જોયું.

વહેતી આંખે એ બોલ્યો, 'આજે મેં જેટલી ફરિયાદો કરી એના માટે ક્ષમા માંગું છું. મારા આજના દિવસમાં જે જે બન્યું અને તમે મારું આટલું બધું ધ્યાન રાખ્યું એ માટે અને તમારો પ્લાન હંમેશાં સારો જ હોય એની ખાતરી મને કરાવવા માટે તમારો ખૂબ જ આભાર માનું છું ભગવાન!' એ માણસ વધારે બોલી ન શક્યો. એનો કંઠ રૂંધાઇ ગયો.

એક કરુણામય દૃષ્ટિ એના પર નાખીને ભગવાન અંતર્ધાન થઇ ગયા.

પેલા માણસનું રડવાનું ધીમે ધીમે અટકી ગયું. એના મગજમાં અને મનમાં અત્યંત આનંદ તેમજ શીતળતા વ્યાપી ગઇ. બરાબર એ જ વખતે એની આંખો ખૂલી ગઇ!

**પૂ.રણછોડદાસજી મહારાજના**

# પ્રેરક પ્રસંગો

**–સંકલનઃ– પરમાર્થી, મૂળ લેખિકાઃ– દમયંતી સેજપાલ**

### પરદુઃખ દુઃખી દયાલ

ભોલો દૂધવાળો ચિત્રકૂટમાં રહે. એના ઘરમાં ભૂતપ્રેતનો ત્રાસ હતો. ઘરમાં અવારનવાર છતમાંથી વિષ્ટાનો વરસાદ વરસે. ઘણીવાર કોઇક અદશ્ય શક્તિ ઘરના સભ્યોને ઓચિંતા પછાડી દે. સહુ દુઃખી અને હેરાન–પરેશાન હતાં.

ભોલાએ આ ત્રાસમાંથી છોડાવવા પૂજ્યશ્રીને વિનંતી કરી.

તેઓશ્રીએ તરત એક ખીલો મંગાવી લીધો. એ વખતે ચિત્રકૂટમાં જુના મંદિરની ગુફા સામે એક ઝાડ હતું. મંત્રોચ્ચાર કરતાં કરતાં એમણે પથ્થર વડે એ ખીલો ઝાડમાં ઠોકી દીધો.

ત્યારથી ભોલાના ઘરમાં બધાં શાંતિપૂર્વક રહેવા લાગ્યાં.

સત્‌ની પાસે અસત્‌નું જોર ક્યાં સુધી પહોંચે?

### અસ સુભાવ કહુ સુનો ન દેખોં

પૂજ્યશ્રીના પ્રભાવથી બાંદા જિલ્લામાંના વટલાયેલા મુસલમાનો ફરીથી હિંદુ ધર્મ સ્વીકારવા ઇચ્છતા હતા, પરંતુ ધર્મપરિવર્તન કરાવે કોણ? પૂજ્યશ્રીએ કહ્યું : 'મૈ તુમ લોગોં કો હિંદુ બનાઉંગા, ચિંતા ન કરો.'

'શ્રી ગુરુદેવ હિંદુ બનવા ઇચ્છનાર પ્રત્યેકને શાસ્ત્રીય વિધિ અનુસાર શુદ્ધિ કરાવીને ફરીથી હિંદુ ધર્મમાં પ્રવેશ અપાવવાના છે.' આ સમાચાર બધેય જોતજોતામાં ફરી વળ્યા. સેંકડો વટલાયેલા મુસલમાનો પાછા હિંદુ બનવા તૈયાર થઇ ગયા.



હિંદુ અને મુસ્લિમ કોમ એ સમાચારથી ખૂબ ઉત્તેજિત બની ગઇ. મુસ્લિમો ધૂંઆફૂઆં થતા પૂજ્યશ્રી પાસે આવ્યા. બધા ઝનૂને ચડેલા. પૂજ્યશ્રી એ એમને શાંત પાડતાં કહ્યું : 'મુસલમાન યાની ક્યા? ઇસકા અર્થ તુમ લોગ જાનતે હો? મુસલમાન+ઈમાન=મુસલમાન. મતલબ કિ ઈમાન મેં–ધર્મમે જિસકા મુસલમ્–શ્રદ્ધા અડગ હૈ વહ. તુમ્હારે ધર્મ મેં ઇન સબકો શ્રદ્ધા નહીં હૈ. ધર્મ કો તો વે લોગ છોડ ચૂકે હૈ. મુસલમાન વૈસે ભી કહાં રહે હૈ? ઇન લોગોં કો જબરદસ્તી તુમ્હારે ધર્મ મેં રખને સે ક્યા ફાયદા હોગા?'

મુલ્લાજીઓએ ચૂપચાપ ચાલતી પકડી.

થોડીવાર પછી હિંદુઓ આવ્યા. એ બધા પણ પૂજ્યશ્રીની વિરુદ્ધમાં હતા. એ લોકોને પણ એમણે શાંત પાડ્યા : 'જો લોગ હિંદુ બનને તૈયાર હુએ હૈં, ઉપને પૂર્વજ સબ હિંદુ થે ઉનકે હિંદુત્વ કે સંસ્કાર કહીં નહીં જા સકેંગે. મુસલમાન લોગ બિસ્મીલ્લાહ કહકર ધર્મ પરિવર્તન કરા દેતે હૈ.' હમારે રામજી કા નામ–શ્રીરામ મંત્ર–ક્યા ઉનકો ફિરસે હિંદુ નહીં બના સકેગા? અપને રામજી મેં ક્યા ઉતની ભી શક્તિ નહીં હૈ?

હિંદુઓ પાસે એનો કોઇ જવાબ નહોતો.

અંતે એ બધાને શાસ્ત્રીય વિધિ અનુસાર હિંદુધર્મમાં પ્રવેશ આપવામાં આવ્યો. હિંદુ બન્યા પછી ભવિષ્યમાં ફરી પાછું કોઇ એમને મુસ્લિમ ધર્મ અપનાવવા મજબૂર ન કરે એટલા માટે પ્રત્યેક હાથ પર વરાહ ભગવાનનું છૂંદણું છૂંદવામાં આવ્યું.

પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં હોય એટલા દિવસ રોજ સવારે એમનું પૂજન કરી આરતી ઉતારવાનો મથુરાદાસભાઇના

કુટુંબનો નિયમ. વાલીમાના હાથમાં પૂજાની થાળી જુએ એટલે ભક્તો એકઠા થઇ જાય. આરતીમાં સહુસાથ પુરાવે.

એકવાર આરતી ચાલુ હતી ત્યારે મારું ધ્યાન પૂજ્યશ્રી પર પડ્યું. બે હાથ જોડી, આંખો બંધ કરી, તેઓશ્રી પણ બધાંની સાથે આરતી ગાઇ રહ્યા હતા :

**અમ અંતરમાં વસજો આપ તણી મૂરતિ**
**જય દેવ... જય ગુરુદેવ...**

મારા મનમાં શંકા ઊઠી : 'પોતાની જ આરતીમાં પૂજ્યશ્રી પણ સાથ પુરાવે એ કેવું આશ્ચર્ય!'

પૂજન પતી ગયા પછી તેઓશ્રી સહજભાવે બોલ્યા : 'તુમ લોગ આરતી બોલતે હો તબ મૈં ભી હાથ જોડતાં હૂં ઔર સાથ સાથ ગાતા ભી હૂં. ક્યોંકિ મૈં સમઝતા હૂં કિ મેરા નહીં, મેરે હૃદય મેં મેરે જો આરાધ્યદેવ બિરાજમાન હૈં ઉનકી અભી આરતી હો રહી હૈ. ઇસી લિયે મૈં ભી તુમ લોગોં કો સાથ દેતા હૂં. આરતી યાની આર્તભાવસે કી ગઇ પ્રાર્થના.'

મારી શંકા શમી ગઇ.

## મુનિકી ગિરા સત્ય ભયી આજુ

ઇ.સ. ૧૯૬૫ ના સપ્ટેમ્બરની પાંચ તારીખે સત્તાવાર યુદ્ધ જાહેર થયું. બીજે જ દિવસે પાકિસ્તાની વિમાનોએ જામનગર પર બોંબ ફેંક્યા.

જામનગર આખું ખળભળી ઊઠ્યું. લોકો ખૂબ ખૂબ ગભરાઇ ગયા. સાધનસંપન્ન માણસો તો રાતોરાત પોતાની મોટરમાં બાળબચ્ચાં સાથે જામનગર છોડી રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર તરફ જવા લાગ્યા. સામાન્ય રીતે રાજકોટ



જામનગરનો ટેકસી ચાર્જ જે રૂપિયા પચાસનો હતો તે પાંચસોનો આંકડો વટાવી ગયો. લોકો ટ્રક ઊંટગાડી, હાથગાડી વગેરેમાં જરૂરી સામાન ભરીને જામનગરની બહાર નીકળવા માંડ્યા. બીજા દિવસની બપોર સુધીમાં તો અડધું જામનગર ખાલી થઇ ગયું.

મથુરાદાસભાઇને પૂજ્યશ્રીનું સૂચન તીવ્રતાપૂર્વક યાદ આવ્યું. તેમણે વાલીમા તથા ભરતકુમારને બોલાવીને પૂછ્યું : 'આપણે શું કરીશું? બાપુએ તો બે વર્ષ પહેલાં જ કહ્યું હતું કે બોંબ ગિરે તો ભી ઘબડાના નહીં.'

ભરતકુમાર શ્રદ્ધાપૂર્વક બોલી ઊઠ્યા : 'બાપુએ સ્પષ્ટ કહ્યું છે છતાં તમે શંકા શા માટે કરો છો? આપણે જામનગર છોડવાનો વિચાર પણ ન કરવો.'

પરંતુ મથુરાદાસભાઇના મનમાં શંકાનો કીડો પડ્યો હતો. તે શાંતિથી ન બેઠા.

પૂજ્યશ્રી એ સમયે વીરપુરમાં શ્રીજલારામબાપાની જગ્યામાં આરામ કરતા હતા. તેઓશ્રીએ જયસુખરામબાપાને કહ્યું : 'જામનગર મથુરાદાસભાઇ કો ફોન કરકે ખબર દો કિ દો વર્ષ પહેલે મૈં ને જો બાત કહીથી સો બરાબર યાદ રખના. ઔર ઘબડાના નહીં.' પરંતુ જયસુખરામબાપાનો ટેલિફોન પહોંચે એ પહેલાં એ પોતાની બંને મોટર લઇને સપરિવાર વીરપુર પહોંચી ગયા હતા. પૂજ્યશ્રીએ એમને જોઇને ટકોર કરી : 'ક્યાં વિશ્વાસ નહીં રહા ક્યા?'

મથુરાદાસભાઇએ લોચા વાળવા માંડ્યા. પૂજ્યશ્રીએ કહ્યું, 'ઇસી કા નામ અવિશ્વાસ હૈ. અચ્છા, અબ આયે હો તો દસ

દિન તક યહીં રૂક જાઓ, ક્યોં કિ સંશયાત્મા વિનશ્યતિ!' પછી ભરતને પૂછ્યું : 'ભરત, તુમ્હારી કોલેજ ખૂલી હૈ કિ બંદ?'

'બાપુ, કોલેજ તો ચાલુ છે.'

'અચ્છી બાત હૈ. કલ સુબહ તુમ મોટર સે વાપસ જામનગર પહુંચ જાઓ. કોલેજ મેં કલ તુમ્હારી ઉપસ્થિતિ હોની ચાહિએ. તુમ ૧૩ તારીખ કો સિર્ફ એક દિન કે લિયે અપને માતાપિતા કે પાસ આ જાના.'

ભરતની શ્રદ્ધા જીતી.

ભય અથવા બીક શબ્દને પૂજ્યશ્રી જાણતા જ નહોતા. ભારત દેશ અને એ દેશમાં વસતાં દીન દુઃખીઓ માટે જેટલું શુભ થાય તેટલું કરી છૂટવું ને દરેક રીતે સહુ કોઇને ઉપયોગી બનવું એ તેઓશ્રીનો સિદ્ધાંત હતો. એ સિદ્ધાંતને અમલી બનાવતાં કોઇ એમને રોકી શકતું નહીં. તેથી ભરતકુમારના જવા પછી શ્રી ગિરધરરામ બાપાને બોલાવીને કહ્યું : 'મેરી તબીયત ઠીક નહીં હૈ, ફીર ભી ઐસી વિષમ પરિસ્થિતિ મે યહાં બૈઠે રહના ઉચિત નહીં, મૈં પઠાનકોટ કી ઓર જાના ચાહતા હૂં.'

પૂજ્યશ્રી એકલા જમ્મુ–કાશ્મીર વિસ્તારમાં પધારી ગયા. ૧૩ તારીખે જામનગર પર પાછા બોંબ પડ્યા. પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ તે દિવસે ભરતકુમાર વીરપુર આવી ગયા હતા.

દસ દિવસ વિરપુરમાં ગાળી, મનમાં શ્રદ્ધાનું ભાથું ભરી મથુરાદાસભાઇ ફરી પાછા જામનગર આવી ગયા. હવે એમને કશો ગભરાટ નહોતો. લડાઇ પણ તે જ દિવસે બંધ થઇ ગઇ.



# શ્રદ્ધાંજલિ–કાલીમંદિરના સ્વજન વડીલને

**–અર્પનાર મા સર્વેશ્વરી–સમગ્ર કાલિ પરિવાર વતી**

કર્પૂરવન શ્રી કાલીમંદિરના

હે વડીલ સ્વજન

અમારા સૌના પ્રેમપૂર્વક પ્રણામ–પ્રણામ–પ્રણામ.

કાલીમંદિરના સૌ સભ્યોના જીવનમાં આપ પ્રારંભથી જ વડીલ બની છત્ર લઇ ઊભા છો. પ્રત્યેકના શુભ–અશુભ પ્રસંગે પડખે રહ્યા છો.

રાજપીપળાના પેલા નાનકડા ગામડે વસીને પણ આપે ધીરજદાદાનો અતિથિ સત્કારનો વારસો જ દીપાવ્યો છે.

તો એ જ રીતે કર્પૂરવનને પાદરે આપે જાણે પ્રેમની પરબડી માંડી સૌને સત્કારવાનો યજ્ઞ પણ પૂર્ણ કર્યો છે.

પૂ.શ્રી યોગેશ્વરજીની પણ શ્રેષ્ઠ સેવા કરી આશીર્વાદ પામ્યા છો. શ્રી રવિશંકર મહારાજના આશીર્વાદ પણ પામ્યા છો. કર્પૂરવનમાં બા બાપુજીની હાશ પામ્યા છો.

સાથે સાથે કેટલાક અન્યાયી વિરોધી પાત્રોની પ્રેમપૂર્વક સેવા કરી તેમનાં પણ દીલ જીતી લીધાં છે.

વિશેષ રીતે મા સર્વેશ્વરીના જીવનના પ્રત્યેક વળાંકે આપ માઇલસ્ટોન બની દિશા બતાવતા આશીર્વાદ વરસાવતા પડખે ઊભા રહ્યા છો.

કાલીમંદિરના પ્રત્યેક સભ્યો માટે આપે સર્વશ્રેષ્ઠ ફરજ બજાવી જે પ્રેમ વરસાવ્યો છે તે માટે સૌ આપના ઋણી છીએ.

આપની ઉદારતા, સમજશક્તિ, સહનશીલતા મૌન રહીને સર્વદિશાથી સમેટવાની પ્રવૃત્તિ. આપની દેશભક્તિ, આપની સંતસેવા, સૌને અનુકૂળ થવાની મથામણ, ચોકસાઇ એ સઘળું અમારે સૌએ શીખવાનું રહેશે

આપની હવે પછીની જે જીવનયાત્રા ચાલી રહી છે તેમાં માતાપિતાનો પવિત્ર પ્રેમ વરસતો રહો, સંતોના આશીર્વાદ આપ ઉપર વરસતા રહો. આપની જીવનયાત્રા શાંતિપ્રદાયક મંગલમય હજો.

અમારી પ્રાર્થનાનાં પુષ્પો આપના જીવનપંથે પથરાતાં રહો.

કર્પૂરવન કાલીમંદિરના સૌ સભ્યોના સર્વ અપરાધો ક્ષમા કરી અમારા પ્રણામ સ્વીકારતા રહો.

જ્યાં પણ છો ત્યાંથી અમારા સૌ ઉપર આશીર્વાદ વરસાવતા રહો.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

તરણાના અગ્નિથી અંધારામાં રહેલી વસ્તુ જણાય છે, વર્તન ઉપરથી મનુષ્યની ધાર્મિકતા પરખાય છે અને વ્યવહારથી તેની સાધુતા વરતાય છે. શુરાની પરીક્ષા ભયને પ્રસંગે થાય છે, ધીરજની પરીક્ષા આર્થિક આપત્તિમાં થાય છે, મિત્રની પરીક્ષા સંકટમાં થાય છે, અને શત્રુઓની પરીક્ષા આપત્તિમાં થાય છે.



# મંત્રશક્તિની વૈજ્ઞાનિક કસોટી

—આચાર્ય કલ્યાણ બોધિસૂરિ

નવકાર મંત્રમાં પરમ પવિત્ર સદ્‌ભાવનાઓની ઉર્જા રહેલી છે. કે બીજા શબ્દોમાં કહીએ, તો નવકાર મંત્ર એ એવો ઉર્જાસ્રોત છે, જે આપણા તનમાં, આપણા મનમાં આપણી ચેતનામાં પ્રાણસંચાર કરે છે. હજારો વર્ષોથી આપણા ઋષિ–મુનિઓ મંત્રશક્તિના વૈજ્ઞાનિક રહસ્યોથી વાકેફ હતા. સૌરશક્તિ, વાયુશક્તિ, ચૈતસિક શક્તિ અને અણુશક્તિની જેમ એક મંત્રશક્તિનું પણ અસ્તિત્વ છે, એની તેમને સારી રીતે જાણ હતી અને તેનો તેઓ અનેક રીત ઉપયોગ પણ કરતા. મોડે મોડે પણ વિજ્ઞાન જાગ્યું છે અને આ બાબતોની ગંભીરતાપૂર્વક નોંધ લેવાની તેને ફરજ પડી છે.

રશિયન વૈજ્ઞાનિક કામિનિયેવે અને અમેરિકન વૈજ્ઞાનિક રુડોલ્ફ કીરે પ્રયોગો કરીને સાબિત કર્યું છે, કે સદ્‌ભાવ અને મંગળ લાગણીઓથી ભરેલી કોઇ વ્યક્તિ પોતાના હાથમાં જળથી ભરેલું પાત્ર રાખીને આંખો બંધ કરીને થોડી મિનિટ સુધી સદ્‌ભાવ અને મંગળ આકાંક્ષાઓ કરતી રહે, તો એ પાત્રના પાણીમાં એક ગુણાત્મક પરિવર્તન આવે છે. એ પાણીમાં કોઇ રસાયણિક પરિવર્તન નથી થતું, પણ કોઇ એવો ગુણ પ્રવેશે છે, કે જો એ પાણીનું સિંચન જમીનમાં વાવેલા બીજ પર કરવામાં આવે, તો બીજમાં અંકુર જલદી ફૂટે છે. એમાં ફૂલ અને ફળ મોટા આવે છે અને અન્ય છોડ કરતાં આ છોડ વધુ તંદુરસ્ત જણાય છે.

પંદર વર્ષો સુધી આવા પ્રયોગો કરીને એવા નિષ્કર્ષ પર પહોંચાયું હતું કે ભાવનાઓ અને વિચારો દ્વારા કોઇ એવાં તત્ત્વો પાણીમાં દાખલ કરી શકાય છે, જેથી વિશિષ્ટ પરિણામો પ્રાપ્ત થાય છે. જેમ પાણીમાં આવું રૂપાંતર કરી શકાય છે. તેમ મંગળ ભાવનાઓ દ્વારા આપણા તન, મન અને આત્મામાં પણ આવું રૂપાંતર કરી શકાય છે. માત્ર આપણા જ નહીં, બીજામાં પણ આવું રૂપાંતર કરી શકાય છે. મંગળ ભાવનાઓથી ભરેલું આપણું મન આપણી ચારે તરફ ફેલાયેલા આકાશમાં ગુણાત્મક પરિવર્તન લાવે છે, જેની અસર આપણી નજીક આવતી વ્યક્તિને પણ થાય છે.

બીજો એક રશિયન વૈજ્ઞાનિક કિરિલિયાન હાઇફિક્વીન્સી ફોટોગ્રાફીનો એણે વિકાસ કર્યો. બહુ સંવેદનશીલ પ્લેટ પર આ કેમેરાથી ફોટો લેવાય છે. જો એનાથી આપણા હાથનો ફોટો લેવાય, તો એમાં માત્ર હાથનું જ ચિત્ર નહીં આવે, પણ હાથની આસપાસ જે વિદ્યુત તરંગો બહાર નીકળી રહ્યા છે, તેનું ચિત્ર પણ આવશે. જો ફોટો લેતી વખતે આપણે મંગળ ભાવના કરી રહ્યા હશું, તો તે કિરણોની આકૃતિ લયબદ્ધ, સુંદર અને વ્યવસ્થિત આવશે, પણ જો એ સમયે આપણે નિષેધાત્મક ખરાબ વિચારો કરતાં હોઇએ, તો તે કિરણોની આકૃતિ અત્યંત અસ્વસ્થ, વેરવિખેર અને વિક્ષિપ્ત આવશે.

દરેક વ્યક્તિની આસપાસ પોતાનું એક આભામંડળ હોય છે, જે વિચારો અને લાગણીઓથી પ્રભાવિત થાય છે. એ વિચારો અને લાગણીઓમાં પ્રશસ્તતાની પરાકાષ્ઠા હોય, તો તેની અસર થાય છે. નવકાર મહામંત્રના ગહન અર્થોને સમજવાની તક જો તમને મળી શકે, તો તમને ખ્યાલ આવશે કે શુદ્ધ અને શ્રેષ્ઠ મંગળ ભાવનાનો આખે આખો મહાસાગર આ એક મંત્રમાં



ઠલવાઇ ગયો છે. નિષેધાત્મક વિચારો—ક્રોધ, લોભ, કામવાસના, છળ—કપટ આ બધાના કેન્દ્રમાં 'હું' હોય છે. નવકાર મહામંત્રમાં શરણાગતિ અને સમર્પણની એ લાગણી સમાયેલી છે, જેમાં 'હું' નો અવકાશ જ નથી. અહંકાર એ નિષેધાત્મક વિચારોનો એક માત્ર આધાર છે. નવકાર મહામંત્ર એ પ્રકાશ છે, જેમાં અહંકારના અંધકારનું અસ્તિત્વ જ અસંભવિત બની જાય છે.

મનના નિષેધાત્મક વિચારો શારીરિક ઘણા રોગોનું ઉદ્‌ગમ બિંદુ છે, એવું આધુનિક વિજ્ઞાને સ્વીકાર્યું છે. નિષેધાત્મક વિચારો આપણા ચિત્તની પ્રસન્નતાને ડહોળી નાખે છે, એ આપણો જાત—અનુભવ છે. જેમાં મુખ્યતયા નિષેધાત્મક વિચારો જ ભરેલા હોય છે. એવા દશ્ય અને શ્રાવ્ય માધ્યમોને છોડીને આંખ મીંચીને એકાગ્રતાપૂર્વક નવકાર મહામંત્રમાં મગ્ન થઇ જવામાં આપણું અનેક રીતે હિત સમાયેલું છે, આ ઉપદેશ કોઇ ધર્મગુરુ આપે, તેમાં તો નવાઇ નથી જ, પણ આ જ સલાહ કોઇ સાયન્ટિસ્ટ કે ડોકટર આપે, તો ય ચોંકી જવા જેવું નથી, એવું નથી લાગતું?

સત્સંગી માણસોનો બે વખત જન્મ થાય છે. એક માતાની કુખેથી અને બીજો સદ્‌ગુરુની હુંફથી. પહેલા જન્મમાં દેહ મળે છે અને બીજા જન્મમાં દીક્ષા મળે છે. પહેલા જન્મ વખતે તે રડવા લાગે છે અને બીજા જન્મ વખતે તે રટવા(જપ) લાગે છે. ગુરુ જ્યારે દીક્ષા આપે ત્યારે ગુરુમંત્ર આપે છે અને બીજા જન્મથી એ રટવા લાગે છે. પહેલા જન્મની યાત્રા મોત સુધી લઇ જાય છે જ્યારે બીજા જન્મની યાત્રા મોક્ષ સુધી લઇ જાય છે.

# શ્રી રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

ભૌમાસુર પ્રજાને પણ પુષ્કળ ત્રાસ આપતો.

કૃષ્ણે એને દંડ દેવાના આશયથી પ્રાગ્જ્યોતિષપુર પ્રતિ પ્રાયણ કર્યું.

પર્વતોની કિલ્લેબંદીવાળા, પાણીથી ભરેલી ખાઇઓથી વીંટળાયલા, પ્રાગ્જ્યોતિષપુરમાં પ્રવેશીને એમણે શંખનાદ કર્યો.

ત્યાં સંગ્રામમાં મુર દૈત્યનો અને બીજા અનેકનો નાશ કરીને હાથી પર બેઠેલા રાજા ભૌમાસુરના મસ્તકને સુતીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપી નાખીને એમણે વિજય મેળવ્યો.

ભૌમાસુરના રાજપ્રાસાદમાં પ્રવેશીને એમણે ત્યાં નજરકેદ જેવું જીવન જીવતી સોળ હજાર સુકુમારીઓને શાંતિપૂર્વક સમજાવીને એમને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરી ને બાકીની કુમારીઓની ઇચ્છાને માન આપીને એમને દ્વારકામાં વસાવવાની તૈયારી બતાવી.

કુમારીઓની મુક્તિથી એમને અતિશય આનંદ થયો. સમાજની એક અગત્યની, અમૂલખ સેવા કર્યાનો સંતોષ મળ્યો.

દ્વારકા પાછા પહોંચ્યા પછી રુકિમણીએ અભિનંદન આપ્યાં તો એમણે જણાવ્યું :

‘એમાં અભિનંદન આપવા જેવું છે જ શું? ભૌમાસુરનો નાશ કરીને ને છોકરીઓને છોડાવીને મેં કોઇ ઉપકાર થોડો જ કર્યો છે? મેં તો મારા કર્તવ્યનું જ પાલન કર્યું છે.’

રુકિમણીએ કહ્યું :



‘તમે જે કાંઇ કરો છો તે કર્તવ્યબુદ્ધિથી જ કરો છો તોપણ એ કર્તવ્ય અભિનંદનીય હોય છે. મારું અંતર એને માટે અભિનંદન આપ્યા વિના નથી રહી શકતું.’

‘પરંતુ મારી અનુપસ્થિતિમાં દ્વારકા નિસ્તેજ જેવી બની ગઇ છે તેનું કારણ?’

‘તેનું કારણ શિશુપાલ છે.’

‘શિશુપાલ?’

‘હા. તમે પ્રાગ્જ્યોતિષપુર તરફ પ્રયાણ કર્યું તે પછી તરત જ શિશુપાલે આ સુંદર પુરી પર આક્રમણ કર્યું. એ એની ઉપર અધિકાર કરવા માગતો’તો. એની એ યોજના સફળ ના થઇ પરંતુ દ્વારકાના કેટલાય ભાગને બાળી નાખીને એ નાસી ગયો.’

‘એના ભયંકર અપરાધનો એને યોગ્ય સમયે એટલો જ ભયંકર દંડ મળશે. હું એને નહીં છોડું.’

કૃષ્ણે દ્વારકાનું નવનિર્માણ કરાવ્યું.

એ દિવસોમાં મહારાજા દ્રુપદે યોજેલા દ્રૌપદીના સ્વયંવરમાં એ પાંડવો ને પાછળથી કુંતીને મળ્યા.

એ પછી બાણાસુર સાથેના યુદ્ધમાં વિજયી બન્યા, ભીમને નિમિત્ત બનાવીને જરાસંઘનો નાશ કરાવ્યો, ને પોતાની અગ્રપૂજાના ઐતિહાસિક અવસર સમયે અનર્ગલ વચનો ઉચ્ચારનારા શિશુપાલનો પણ શિરચ્છેદ કર્યો.

પોતાની નકલ કરનારા પૌંડ્ર—વાસુદેવનો પણ નાશ કર્યો.

એને લીધે દિશાપ્રદિશામાં એમની ધાક ફરી વળી. બધે એમનો યશ ગવાવા લાગ્યો.

એ સુયશથી સંપન્ન થઇને દ્વારકા આવ્યા પછી તરત જ

એમના જીવનમાં એક બનાવ બન્યો.

એ બનાવમાં એમની નમ્રતા, સરળતા, મિત્રભાવના ને સેવાવૃત્તિનું દર્શન થયું.

ગૃહસ્થાશ્રમમાં પ્રવેશેલા, પિતા બનેલા, રંકસન્મિત્ર સુદામાએ એક દિવસ એમની મુલાકાત લીધી.

કૃષ્ણે એના શુભાગમનના સમાચાર સાંપડતાં જ અનુરાગથી ઊભરાઇ ને એનું સપ્રેમ સ્વાગત કર્યું.

સુદામાને ભાવપૂર્વક ભેટીને પોતાના સુંદર આસન પર બેસાડીને કૃષ્ણે કહ્યું :

‘સુદામા, સાંદીપનિ આશ્રમના એ દિવસોને હું હજું પણ નથી ભૂલ્યો. એ દિવસો કેટલા બધા દૈવી હતા? એ પછી તો જીવનના પ્રવાહે કેટલાંય પલટા લઇ લીધા છે. પણ મને ઘણા લાંબા વખતે યાદ કર્યો?’

‘યાદ તો રોજ આવે છે.’ સુદામાએ કહ્યું; ‘પરંતુ મળવાનું નથી બની શક્યું. ગૃહસ્થાશ્રમની પરિસ્થિતિ એટલી બધી પ્રતિકૂળ છે કે વાત નહીં. આટલી બધી સુખસાહ્યબીમાં રહીને તને કદાચ એની કલ્પના પણ ના આવે.’

‘કલ્પના તો આવે છે. કારણકે મને પ્રતિકૂળતાનો પરિચય છે. તારા ગૃહસ્થાશ્રમની કથા હું શાંતિથી સાંભળીશ. પહેલાં તો તારી સુશ્રૂષા કરું. મારું અંતર તને મળવાની અનેકવાર આકાંક્ષા કરતું’તું. આજે એ આકાંક્ષા સફળ થઇ. તારી પવિત્ર પદરજથી મારો આવાસ ધન્ય બન્યો. આજનો આનંદ મારાથી કેમે કરીને નથી વર્ણવી શકાતો.’

સુગંધિત દ્રવ્યોથી સ્નાન કરાવીને કૃષ્ણે રુકિમણી પાસે એની પૂજા કરાવીને એને ભોજન કરાવ્યું.



પછી પોતાના જ પલંગ પર સુવાડીને એના પગ દબાવતાં કહ્યું :

‘લાંબા પ્રવાસને લીધે પગ દુઃખી ગયા હશે ખરું? એમને દબાવવાથી જરા સારું લાગશે.’

સુદામાએ પગ પાછા લઇ લીધા. એને સંકોચ થયો.

કૃષ્ણે પગ પાછા પકડ્યા ને દબાવવા માંડ્યા.

‘હું પગ દબાવું એમાં કશો સંકોચ કરવાનો ના હોય. આમ પણ તું બ્રાહ્મણપુત્ર છે, વડીલ છે, ને વિદ્વાન છે એટલે પૂજ્ય છે.’

ગૃહસ્થાશ્રમની વિભિન્ન વાતોમાં સુદામાની આંખ ક્યારે મળી ગઇ એનો એને ખ્યાલ પણ ના રહ્યો.

એ જાગ્યો ત્યારે કૃષ્ણ એના પલંગ પર જ બેઠેલા.

એણે સંકોચ સાથે સ્નેહમિશ્રિત સ્વરે કહ્યું :

તું ત્યારથી અહીં જ બેઠો છે?

‘એમાં શું? તારી સંભાળ રાખવાનો ને સેવા કરવાનો મારો ધર્મ છે.’

સુદામાએ વાતવાતમાં પૂછ્યું :

‘રુકિમણી તારે માટે સર્વથા યોગ્ય છે પરંતુ રાધાનું શું થયું? તું એને આશ્રમમાંથી આવીને પાછો મળેલો કે નહીં?’

‘એક વાર મળેલો.’

‘ફક્ત એક જ વાર?’

(ક્રમશઃ)